


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 148
Dt.: 04-04-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa


### ઈરાન માટે વ્યૂહાત્મક અને આર્થિક રીતે મોટો ફટકો

# ઈઝરાયલ-અમેરિકાએ ઈરાનના કેશમ દ્વીપ પર આવેલા પોર્ટ પર હુમલો કર્યો

## યુરોપિયન યુનિયન/કોપરનિકસ સેન્ટિનલ-૨ની સેટેલાઈટ તસવીરોમાં ગુરુવારે ઈરાનના કેશમ બંદર પરથી ધુમાડો નીકળતો જોવા મળ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાનના કેશમ દ્વીપ પર આવેલા પોર્ટ પર હુમલો કર્યો છે. યુરોપિયન યુનિયન/કોપરનિકસ સેન્ટિનલ-૨ની સેટેલાઈટ તસવીરોમાં ગુરુવારે ઈરાનના કેશમ બંદર પરથી ધુમાડો નીકળતો જોવા મળ્યો છે. આ હુમલો ઈરાન માટે વ્યૂહાત્મક અને આર્થિક રીતે મોટો ફટકો છે. આ પોર્ટ ઈરાનના હોર્મુઝ સ્ટ્રેટ પર નિયંત્રણ માટે અત્યંત મહત્ત્વનું છે. ઈરાન દ્વારા હોર્મુઝમાં ટોલ વસૂલવા જેવી વ્યવસ્થાઓની તૈયારી અને તેનું સંચાલન અહીંથી થતું હતું.

કેશમ ફ્રી ઝોનના અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈરાનના કેશમ દ્વીપ પર સ્થિત બહમન કોમર્શિયલ બંદર અને દોહા ફિશિંગ ઘાટના કેટલાક ભાગોને નુકસાન થયું છે. આ નુકસાન ૧ એપ્રિલની સાંજથી ૨ એપ્રિલની બપોર સુધી પોર્ટની સુવિધાઓને નિશાન બનાવીને કરવામાં આવેલા અમેરિકન-ઈઝરાયલી હુમલાઓને કારણે થયું છે.

ઈરાનની મેહર ન્યૂઝ એજન્સીએ જણાવ્યું છે કે અમેરિકા-ઈઝરાયલના આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. કેશમ ફ્રી ઝોનના ડેપ્યુટી ચીફ મન્સૂર અઝીમઝાદેહ અર્દેબિલીએ જણાવ્યું છે કે બહમન સંપૂર્ણપણે એક કોમર્શિયલ બંદર છે. આ રીતે પોર્ટ પર હુમલો કરવો એ આંતરરાષ્ટ્રીય નિયમોનું સીધું ઉલ્લંઘન છે.

ઈઝરાયલ અને અમેરિકાના આ હુમલાથી ક્ષેત્રમાં યુદ્ધ વધુ ભીષણ બની શકે છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)એ આ જ વિસ્તારમાં એક અમેરિકન ફાઈટર જેટને તોડી પાડવાનો પણ દાવો કર્યો છે. IRGC એ કહ્યું છે કે તેમણે પર્સિયન ગલ્ફમાં કેશમ દ્વીપની દક્ષિણે અમેરિકાના એક અદ્યતન ફાઈટર જેટને તોડી પાડ્યું છે.

કેશમનું બહમન સંપૂર્ણપણે કોમર્શિયલ બંદર છે. આ રીતે પોર્ટ પર હુમલો કરવો એ આંતરરાષ્ટ્રીય નિયમોનું સીધું ઉલ્લંઘન છે. ઈઝરાયલ અને અમેરિકા સતત ઈન્ટરનેશનલ લોના લીરેલીરા ઉડાવી રહ્યા છે. આ બંને દેશો ઈરાનના નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવી રહ્યા છે. હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનના બે નાના ટાપુઓ લારક અને કેશમ આવેલા છે. આ બંને ટાપુઓ વચ્ચે એક સાંકડો રસ્તો છે. આ માર્ગને આ ટાપુઓના નામ પરથી લારક-કેશમ ગેપ (અથવા લારક-કેશમ ચેનલ) કહેવામાં આવે છે. કેશમ પર ઈરાનનું બંદર પણ છે, જેના કારણે અહીં દેશના તેલ અને અન્ય ચીજવસ્તુઓનો વેપાર મોટા પાયે થાય છે. ઈરાન માટે કેશમ પોર્ટ અને લારક-કેશમ ચેનલ લડાઈ શરૂ થયા પછી વેપાર અને વિશ્વના વ્યાપારી જહાજોની નજીકથી દેખરેખ રાખવા માટેનું મહત્ત્વનું સ્થળ છે. ઈરાન લારક-કેશમ ચેનલ દ્વારા એ જ જહાજોને પસાર થવા દે છે જેની સાથે તેના સંબંધો સારા છે અથવા જે દેશોના જહાજોને પસાર થવા દેવા માટે ઈરાન વાતચીત બાદ સંમત થાય છે.

ઈરાનમાં અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ૨૮ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવેલા હુમલા બાદ ભારે તબાહી મચી છે. ઈરાનમાં અત્યાર સુધીમાં બે હજારથી વધુ લોકોના મોત થયા છે. આ યુદ્ધમાં ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસના ટાપુઓ ચર્ચામાં રહ્યા છે. તેનું કારણ એ છે કે આ જ સ્થાનો પરથી ઈરાન યુદ્ધમાં સમગ્ર વિશ્વને પ્રભાવિત કરી રહ્યું છે.

### ઈરાને અમેરિકાના પાયલટને જીવતો દબોચી લીધો

# ઈરાને અમેરિકાનું અત્યાધુનિક F-35 ફાઈટર જેટ તોડી પાડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે ઈરાનના આકાશમાં અમેરિકાના સૌથી આધુનિક લડાકુ વિમાન F-35ને તોડી નાખવાનો દાવો કર્યો હતો. તેના થોડા કલાક બાદ દાવો કર્યો છે કે આ ફાઈટર જેટના પાયલટને પણ જીવતો કેપ્ચર કરી લીધો છે.

તસનિમ ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, હિટ થયેલા વિમાનથી ઈજેક્ટ થયા બાદ અમેરિકી પાયલટને ઈરાની સેનાએ પકડી લીધો છે. જો આ દાવામાં થોડી પણ સચ્ચાઈ છે તો આ અમેરિકા અને ઈઝરાયેલ માટે અત્યાર સુધીનો સૌથી મોટો ઝટકો સાબિત થઈ શકે છે.

ઈરાનની ન્યૂઝ એજન્સી તસનિમના જણાવ્યા અનુસાર, આ ઘટના પશ્ચિમી ઈરાનના કોહગિલુયેહ અને બોયર-અહમદ પ્રાંતની આજુબાજુ થઈ છે. રિપોર્ટમાં જણાવ્યું છે કે જેવું ઈરાનની એડવાન્સ સિસ્ટમે અમેરિકી ફાઈટર જેટ F-35ને ટાર્ગેટ બનાવી, પાયલટે ખુદને બચાવવા માટે ઈજેક્ટ કર્યું અને ઈરાની જમીન પર લેન્ડ કર્યું. ત્યાર બાદ તે ભાગવા લાગ્યો. અમેરિકી સેનાએ પોતાના પાયલટને ઈરાનની સરહદમાંથી સુરક્ષિત બહાર કાઢવાની કોશિશ કરી, પણ એ પહેલા ઈરાની સેનાએ તેની ધરપકડ કરી લીધી.

અત્યાર સુધી ઈરાની સેના અથવા સરકાર તરફથી આ પાયલટને કેપ્ચર કરવાની કોઈ જાહેરાત નથી થઈ, પણ જો હકીકતમાં અમેરિકી પાયલટ પકડાયો છે તો આ ટ્રમ્પ માટે બહુ મોટી હાર સાબિત થઈ શકે છે, કેમ કે હવે ઈરાન તેને લેવરેજ બનાવી પીસ ટોકમાં પોતાની શરતો મનાવી શકે છે.

દાવો કરવામાં આવી રહ્યો છે કે આ વિમાન ફેમસ લેકનહીથ સ્ક્વોડ્રનનો ભાગ હતું. જે અમેરિકાની સૌથી ઘાતક હવાઈ તાકાતોમાંથી એક માનવામાં આવે છે. F-35 અમેરિકાનું એ વિમાન છે, જેને અજેય માનવામાં આવતું હતું. IRGCએ દાવો કર્યો કે આ બીજું હ્વ-૩૫ છે, જેને હિટ કરવામાં આવ્યું છે. IRGCનું કહેવું છે કે ઘુસણખોરી કરનારાનું આ વિમાન ખતમ થઈ ગયું છે.

### ક્લાર્કોના મોબાઈલ ફોનની તપાસથી ખુલ્યો મામલો

# સબ રજિસ્ટ્રાર ઓફિસમાં દરોડા પડ્યા તો મળ્યો કુબેરનો ખજાનો

(સંપૂર્ણ સમાચાર સેવા)વારંગલ

તેલંગાણાના વારંગલ જિલ્લામાં આવેલી સબ-રજિસ્ટ્રાર ઓફિસમાં ભ્રષ્ટાચારનો મોટો મામલો સામે આવ્યો છે. તેલંગાણા એન્ટી-કરપ્શન બ્યુરો (ACB) એ ગઈકાલે એટલે કે, ૨ એપ્રિલે વારંગલ (ગ્રામીણ) સબ-રજિસ્ટ્રાર ઓફિસ પર અચાનક દરોડા પાડ્યા અને ગેરકાયદેસર વ્યવહારો, નોંધણી વગરના દસ્તાવેજો અને અનધિકૃત એજન્ટોની ભૂમિકાનો ખુલાસો કર્યો છે. આ દરોડા વારંગલ રેન્જના ACB અધિકારીઓએ હનુમાકોંડા જિલ્લાના વારંગલ (ગ્રામીણ)માં સ્થિત સબ-રજિસ્ટ્રાર ઓફિસમાં પાડ્યા હતા. આ દરોડામાં અનેક મહત્વના ખુલાસા થયા બાદ ACBએ સબ-રજિસ્ટ્રાર ઓફિસના બે અધિકારીઓના ઘરે પણ દરોડા પાડીને કરોડો રૂપિયાનું સોનું-ચાંદી અને રોકડ રકમ જપ્ત કરી છે. ACBની વારંગલ રેન્જ ટીમની તપાસ દરમિયાન ઓફિસ પરિસરમાં ૨૦ અનધિકૃત એજન્ટ અને ક્લાર્ક કામ કરતા જોવા મળ્યા હતા. અધિકારીઓએ સ્થળ પરથી ૪૭,૪૫૦ રૂપિયા રોકડા અને ૭૦ નોંધણી વગરના દસ્તાવેજો જપ્ત કર્યા છે, જે જમીન અને મિલકત સાથે જોડાયેલા વ્યવહારોમાં ગંભીર ગેરરીતિઓ તરફ ઈશારો કરે છે. જ્યારે ક્લાર્કોના મોબાઈલ ફોનની તપાસ કરવામાં આવી ત્યારે તપાસ વધુ ગંભીર બની ગઈ હતી. ACBના જણાવ્યા અનુસાર, સબ-રજિસ્ટ્રાર ઓફિસર-I જમાલાપુરમ રામચંદ્ર રાવ અને સબ-રજિસ્ટ્રાર ઓફિસર-II દાવુલુરી આનંદ વચ્ચે કથિત રીતે વોટ્સએપ ચેટ સામે આવી છે. આ ચેટ્સમાં છેલ્લા એક વર્ષ દરમિયાન PhonePe દ્વારા કરવામાં આવેલા અંદાજે ૪૨.૦૩ લાખ રૂપિયાના વ્યવહારોનો ઉલ્લેખ છે, જે અધિકારીઓ અને દસ્તાવેજ લખનારાઓ વચ્ચેના કથિત ગેરકાયદે સોદાઓ તરફ નિર્દેશ કરે છે. આ ઉપરાંત, તપાસમાં એ પણ સામે આવ્યું છે કે, ૨૦૪ નોંધાયેલા દસ્તાવેજો જે પહેલાથી જ જનતાને સોંપી દેવા જોઈતા હતા, તે હજુ પણ બંને સબ-રજિસ્ટ્રાર અધિકારીઓ પાસે પડતર હતા. દરોડા પછી ACBએ બંને અધિકારીઓના ઘરે પણ એકસાથે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન ૨૪.૬૧ લાખ રૂપિયા રોકડા, ૮૧૯.૫ ગ્રામ સોનાના દાગીના (અંદાજે ૧.૨૩ કરોડ રૂપિયા) અને ૨.૬ કિલોગ્રામ ચાંદીના દાગીના મળી આવ્યા હતા. આ ઉપરાંત, સબ-રજિસ્ટ્રાર દાવુલુરી આનંદના ઘરેથી કપિલ ચિટ્સમાં ૩૦.૧૦ લાખ રૂપિયાની ફિક્સ ડિપોઝિટ (FD) સાથે જોડાયેલા દસ્તાવેજો પણ મળી આવ્યા છે.

### શિક્ષણ ક્ષેત્રે કેન્દ્રનો મહત્ત્વનો નિર્ણય

# હવે NCERT ડીમ્ડ યુનિવર્સિટી ગણાશે અને ડિગ્રી પણ આપશે

## સાથે ઘણી જરૂરી શરતો પણ લાગુ કરવામાં આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન(UGC)ની સલાહ પર નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ(NCERT)ને ડીમ્ડ યુનિવર્સિટી'નો દરજ્જો આપ્યો છે. આનાથી હવે NCERTને યુનિવર્સિટીની જેમ કામ કરવાની સ્વતંત્રતા મળશે, પરંતુ તેની સાથે ઘણી જરૂરી શરતો પણ લાગુ કરવામાં આવી છે.

NCERTએ ૨૦૨૫માં તમામ શરતો પૂરી કરવાનો રિપોર્ટ સરકારને આપ્યો હતો. ત્યારબાદ UGCની નિષ્ણાત સમિતિએ આ અહેવાલની સમીક્ષા કરી અને તેને યોગ્ય માન્યું. UGC આયોગે જાન્યુઆરી ૨૦૨૬માં પોતાની બેઠકમાં આ પ્રસ્તાવને મંજૂરી આપી હતી, ત્યારબાદ કેન્દ્ર સરકારે તેને અંતિમ સ્વરૂપ આપ્યું.

NCERTએ UGC ઍક્ટ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી બનવા માટે અરજી કરી હતી. આ અરજી UGC પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવામાં આવી હતી. UGCએ અરજીની સમીક્ષા કરી અને ૨૦૨૩માં કેટલીક શરતો સાથે લેટર ઑફ ઈન્ટેન્ટ(LOI) જારી કર્યો. તેમાં NCERTને ત્રણ વર્ષની અંદર તમામ શરતોને પૂરી કરવા માટે કહેવામાં આવ્યું.

આ પ્રસ્તાવમાં આ NCERTની ૬ પ્રમુખ સંસ્થાઓને સામેલ કરવામાં આવી છે. જેમાં અજમેર (રાજસ્થાન), ભોપાલ (મધ્યપ્રદેશ), ભુવનેશ્વર (ઓડિશા), મૈસુર (કર્ણાટક), શિલોંગ (મેઘાલય), અને ભોપાલની પંડિત સુંદરલાલ શર્મા ઈન્સ્ટિટ્યૂટ ઑફ વોકેશનલ એજ્યુકેશન સામેલ છે. આ સંસ્થાઓને ભેગી કરીને NCERTને એક સ્પેશિયલ કેટેગરી યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. સરકારે NCERTને આ દરજ્જો કેટલીક કડક શરતો સાથે આપ્યો છે. સંસ્થા પોતાની સંપત્તિ અથવા ફંડ સરકાર અને UGCની પરવાનગી વિના ટ્રાન્સફર ન કરી શકે. આ સાથે જ તે કોઈપણ પ્રકારની નફાકારક પ્રવૃત્તિમાં સામેલ નહીં થશે.

NCERTએ પોતાના તમામ કોર્સ UGC અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓના નિયમો પ્રમાણે જ ચલાવવા પડશે. નવા કોર્સ, ઑફ-કેમ્પસ સેન્ટર અથવા વિદેશી કેમ્પસ પણ નક્કી કરેલા નિયમો હેઠળ જ શરૂ કરી શકાશે. વિદ્યાર્થીઓના એડમિશન, સીટ સંખ્યા અને ફી સંબંધિત તમામ નિયમોનું પણ પાલન કરવું આવશ્યક રહેશે.

NCERTએ રિસર્ચ, પીએચડી અને નવા શૈક્ષણિક કાર્યક્રમોને પ્રોત્સાહન આપવું પડશે. આ સાથે જ તેણે NAAC અને NBA જેવી સંસ્થાઓ પાસેથી માન્યતા લેવી પડશે. આ ઉપરાંત સંસ્થાએ દર વર્ષે NIRF રેન્કિંગમાં પણ ભાગ લેવું ફરજિયાત છે, જેથી ગુણવત્તા અને પ્રદર્શનનું મૂલ્યાંકન કરી શકાય.

### ટ્રમ્પ પ્રશાસને ટ્રેડ પોલીસીમાં મોટો ફેરફાર કર્યો

# વિદેશી બ્રાન્ડેડ દવાઓ પર ૧૦૦ ટકા સુધીનો ટેરિફ લગાવવાનું નક્કી કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધમાં અમેરિકાને જે પરિણામો જોઈતા હતા કદાચ એ મળી રહ્યું નથી ત્યારે હવે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પાછા ટેરિફ પર આવી ગયા હોય તેવું લાગે છે. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને ટ્રેડ પોલીસીમાં મોટો ફેરફાર કરતા વિદેશી બ્રાન્ડેડ દવાઓ પર ૧૦૦ ટકા સુધીનો ભારે ભરખમ ટેરિફ લગાવવાનું નક્કી કર્યું છે.

આ નિર્ણયની અસર એવી ફાર્મા કંપનીઓ પર પડશે જે પોતાની દવાઓ અમેરિકાની બહાર બનાવે છે. ટ્રમ્પે સ્પષ્ટ કરી દીધુ કે કંપનીઓએ પોતાની દવાઓના ભાવ ઘટાડવા પડશે અને તેનું ઉત્પાદન પણ અમેરિકાની અંદર જ કરવું પડશે. જે કંપનીઓ શરતો પૂરી નહીં કરે તેમના પર ભારે દંડ અને ટેક્સ ફટકારવામાં આવશે.

ડોનાલ્ડ ટ્રમ્પે સ્ટીલ, એલ્યુમિનિયમ અને તાંબા જેવા મેટલ ઉત્પાદનોના ટેક્સ નિયમોમાં પણ મોટો ફેરફાર કર્યો છે જેમાં અનેક સામાનો પર ટેરિફના દર ઘટાડવામાં આવ્યા છે અને ટેક્સ વસૂલીની રીત પણ બદલવામાં આવી છે. નવા નિયમ મુજબ જે કંપનીઓ આંશિક રીતે પોતાના ઉત્પાદનો અમેરિકામાં શિફ્ટ કરશે તેમણે ૨૦ ટકા ટેક્સ ભરવો પડશે. જ્યારે આદેશનું પાલન ન કરનારી કંપનીઓ પર ૧૦૦ ટકાના દરે ટેરિફ વસૂલાશે. ટ્રમ્પનું માનવું છે કે આ પગલાંથી દવાઓ સસ્તી થશે અને દેશમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં નોકરીઓની તકો પણ પેદા થશે. જો કે યુરોપીયન સંઘ. જાપાન અને દક્ષિણ કોરિયા જેવા વેપારી ભાગીદારો માટે ટેક્સની મર્યાદા ૧૫ ટકા નક્કી કરાઈ છે. દવાઓની સાથે સાથે ટ્રમ્પે સ્ટીલ, એલ્યુમિનિયમ અને તાંબા પર લાગતી ડ્યૂટીમાં પણ ફેરફાર કર્યો છે. અનેક મેટલ ઉત્પાદનો પર લાગતા ટેક્સને ૫૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કર્યો છે. આ ઉપરાંત જે ઉત્પાદનોમાં મેટલનું પ્રમાણ ૧૫ ટકાથી ઓછું છે તેમને ટેક્સમાં સંપૂર્ણ છૂટ અપાઈ છે. આ ફેરફાર ઘરેલુ ઉદ્યોગોને સસ્તો કાચો માલ ઉપલબ્ધ કરાવવા અને દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા માટે કરાયો છે. ૧૦૦ ટકા ટેક્સવાળો જે નવો આદેશ આવ્યો છે તેની પાછળનું એક મોટું કારણ એ છે કે એક વર્ષ પહેલા ટ્રમ્પે મુક્તિ દિવસના નામ પર એક ખાસ કાયદો હેઠળ સંપૂર્ણ દુનિયામાં ભારે ટેરિફ ઝીક્યો હતો. જેનાથી બીજા દેશો ભડકી ગયા હતા અને મામલો કોર્ટ સુધી પહોંચ્યો હતો. આ વર્ષે ફેબ્રુઆરીમાં અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના આ કાયદાને ગેરકાયદેસર ઠેરવ્યો હતો. હવે સ્થિતિ એવી છે કે સરકારે લગભગ ૧૬૬ અબજ ડોલર પાછા કરવા પડે. આ નુકસાનની ભરપાઈ કરવા અને પોતાનો કક્કો ખરો કરવા માટ ટ્રમ્પે આ નવી નિયમોની ચાલ ચલી છે.

ટ્રમ્પ પ્રશાસને મોટી ફાર્મા કંપનીઓને આ નવા નિયમોને લાગૂ કરવા માટે ૧૨૦ દિવસનો સમય આપ્યો છે. જ્યારે નાની કંપનીઓને ૧૮૦ દિવસનો સમય મળ્યો છે. આ સમયગાળા બાદ સૌથી ઊંચા ટેક્સ દરો પ્રભાવિત થશે. સરકારનું કહેવું છે કે આ રીસેટ બટન દબાવવા જેવું છે. જેનાથી જૂની વેપારી ખોટની ભરપાઈ થઈ શકે અને અમેરિકી બજારને વિદેશી કંપનીઓની મનમાનીથી બચાવી શકાય.

# છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રીનો દીકરો ૨૩ વર્ષે હત્યાના કેસમાં દોષિત

(સંપૂર્ણ સમાચાર સેવા)રાયપુર

છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અજિત જોગીના દીકરા અમિત જોગીને હાઈકોર્ટે ૨૩ વર્ષ જૂના હત્યાના કેસમાં દોષિત ઠેરવ્યો છે. અમિતને દોષિત ઠેરવતા હાઈકોર્ટે તેને સરેન્ડર કરવા માટે ૩ અઠવાડિયાનો સમય આપ્યો છે. અમિત જોગી પર ૨૦૦૩માં રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના નેતા રામ અવતાર જગ્ગીની હત્યા કરવાનો આરોપ લાગ્યો હતો. અમિત જોગીએ આ ચુકાદા પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે મારી સાથે અન્યાય થયો છે અને હું હવે સુપ્રીમ કોર્ટમાં જઈશ.

આ મામલે છત્તીસગઢની એક ટ્રાયલ કોર્ટે અમિત જોગીને નિર્દોષ જાહેર કર્યો હતો. હાઈકોર્ટે CBIની અપીલ પર સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ ૨૦૦૩ના હત્યા કેસમાં કાર્યવાહી ફરીથી શરૂ કરી હતી. આ મામલે સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે નવેમ્બરમાં કહ્યું હતું કે ઝૈંએ ઘણા વિલંબ પછી આ અરજી દાખલ કરી છે, પરંતુ એ પણ સત્ય છે કે પ્રતિવાદી અમિત જોગી સામેના આરોપો ખૂબ ગંભીર છે. તેમના પર એક વિરોધી પાર્ટીના સભ્યની હત્યાનો આરોપ છે. ત્યારબાદ હાઈકોર્ટમાં ચાલેલી કાર્યવાહીમાં અમિત જોગીને દોષિત ઠેરવવામાં આવ્યો છે.

# કોટામાં એક જ પરિવારના ૧૨ સભ્યોને જન્મટીપની સજા

(સંપૂર્ણ સમાચાર સેવા)કોટા,

રાજસ્થાનના કોટા જિલ્લામાં નજીવી બાબતે થયેલા વિવાદે જે લોહિયાળ વળાંક લીધો હતો તે કેસમાં હવે ૮ વર્ષ પછી ન્યાય મળ્યો છે.

કોર્ટે બકરાના વિવાદમાં કરેલી યુવકની હત્યા મામલે એક જ પરિવારના ૧૨ સભ્યોને જન્મટીપની સજા સંભળાવી છે. તેમાં પતિ-પત્ની અને તેના બે દીકરા પણ સામેલ છે. આ કેસમાં કોર્ટે સજાની સાથે પ્રત્યેક આરોપી પર ૧૩ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. કોટાની કોર્ટે આ હત્યા મામલે આપેલો ચુકાદો સમગ્ર રાજસ્થાનમાં ચર્ચાનો વિષય બની ગયો છે. કોટા જિલ્લાના ઈતિહાસમાં આ પહેલી વાર બન્યું છે કે એક સાથે ૧૨ લોકોને જન્મટીપની સજા ફટકારવામાં આવી હોય. આ પહેલા આ વર્ષની શરૂઆતમાં એક પોલીસકર્મીની હત્યાના કેસમાં ૧૦ લોકોને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. આ કેસ કોટાના ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. અહીં બોમ્બે યોજનામાં એક યુવકની બકરાના વિવાદમાં હત્યા કરી દેવામાં આવી હતી. મૃતક ઈશ્તિયાક હુસૈન એક નિવૃત્ત ASIનો દીકરો હતો. આ કેસની જાણકારી આપતા એડવોકેટ રિયાઝ અહેમદે જણાવ્યું કે, ૩૧ ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ બોમ્બે યોજનામાં યુવકની હત્યા કરવામાં આવી હતી.


નવસર્જન સંસ્કૃતિ
ગુજરાતી

JioTV
CHENNAL NO.
3048

TATA PLAY
CHENNAL NO.
2119

Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK

દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
નવસર્જન સંસ્કૃતિ ગુજરાતી ચેનલ નિહાળો

# તંત્રી લેખ......

## બંગાળમાં મુસ્લિમ મત વલણો

પશ્ચિમ બંગાળની ચૂંટણીઓનું મુખ્ય વિશ્લેષણ હંમેશા મુસ્લિમ મતો પર કેન્દ્રિત છે. ઘણા વર્ષોથી રાજ્યમાં સત્તા સંભાળી રહેલા મુખ્યમંત્રી મમતા બેનર્જીની સતત જીતમાં મુસ્લિમ મતોને મુખ્ય પરિબળ માનવામાં આવે છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ, બંગાળની વસ્તી આશરે ૯૧.૩ મિલિયન હતી, જેમાંથી મુસ્લિમો આશરે ૨૫ મિલિયન હતા. હાલમાં, બંગાળની કુલ વસ્તી ૧૦૫ મિલિયનથી વધુ થશે, જેમાં મુસ્લિમોની સંખ્યા ૩ કરોડથી વધુ થવાની સંભાવના છે. બંગાળના મુસ્લિમ બહુમતી ધરાવતા જિલ્લાઓમાં મુર્શિદાબાદ (૬૬.૩ ટકા), માલદા (૫૧.૩ ટકા), ઉત્તર દિનાજપુર (૫૦ ટકા), બીરભૂમ (૩૭ ટકા), દક્ષિણ ૨૪ પરગણા (૩૫.૫ ટકા) અને નાદિયા (૨૬.૭ ટકા)નો સમાવેશ થાય છે. જો ભાજપ છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં જોરદાર લડાઈ છતાં તૃણમૂલ કોંગ્રેસને હરાવવામાં નિષ્ફળ રહ્યું, તો તેનું એક કારણ મુસ્લિમ મતો હતા. મુર્શિદાબાદના બેલડાંગામાં બાબરી મસ્જિદનો શિલાન્યાસ કરનાર તૃણમૂલના ભૂતપૂર્વ નેતા હુમાયુ કબીરે અસદુદીન ઓવૈસીની એઆઈએમઆઈએમ સાથે જોડાણ કર્યું છે અને તેને આઠ બેઠકો આપી છે. હુમાયુ કબીરે ૧૮૨ બેઠકો પર ચૂંટણી લડવાની યોજના જાહેર કરી છે અને ૧૦૦ થી વધુ બેઠકો પર મુસ્લિમ ઉમેદવારો ઉભા રાખશે. છેલ્લી વખતે, ફુરફુરા શરીફના ઈમામે પોતાની પાર્ટી બનાવી અને કોંગ્રેસ અને ડાબેરી મોરચા સાથે જોડાણ કર્યું, પરંતુ તેનો પણ કોઈ પ્રભાવ પડ્યો નહીં, અને મુસ્લિમોએ એકંદરે તૃણમૂલ કોંગ્રેસનો સાથ આપ્યો. મુસ્લિમો ભાજપને હરાવવા માટે મતદાન કરે છે. પ્રશ્ન એ છે કે આ વખતે મુસ્લિમ મત કઈ તરફ ઝુકાવશે? છેલ્લી વિધાનસભા ચૂંટણીઓના આધારે, મુર્શિદાબાદ, માલદા, ઉત્તર દિનાજપુર, બીરભૂમ અને દક્ષિણ ૨૪ પરગણા જેવા જિલ્લાઓમાં ૮૫ બેઠકો છે, જ્યાં મુસ્લિમ વસ્તી ૩૫ ટકાથી વધુ છે. તૃણમૂલ આ બેઠકોમાંથી ૭૫ બેઠકો ધરાવે છે. તૃણમૂલ મુસ્લિમોની સાથે જેટલી આક્રમક રીતે ઉભી રહે છે, તેટલું જ તેમને પોતાની તરફેણમાં ધ્રુવીકરણ કરે છે. ગયા વર્ષે મુર્શિદાબાદમાં થયેલા ભયાનક હિન્દુ વિરોધી રમખાણોમાં લોકોને ભાગી જવાની ફરજ પડી હતી, ત્યારે કોલકાતામાં ઈમામ અને મૌલવીઓના મેળાવડામાં મમતા બેનર્જી રમખાણો માટે ભાજપ અને આરએસએસને દોષી ઠેરવી રહ્યા હતા. બંગાળમાં સીએએ વિરોધી વિરોધ પ્રદર્શન દરમિયાન પણ વ્યાપક હિંસા થઈ હતી, પરંતુ મમતા સરકારે તોફાનીઓ સામે કડક પગલાં લીધાં ન હતા.

એનઆરસી અને સીએએનો ડર વધારીને, મમતા બેનર્જી મુસ્લિમોને ખાતરી આપવાનું ચાલુ રાખે છે કે તેઓ માને છે કે જો તેઓ સત્તામાં હોય તો જ તેઓ સુરક્ષિત છે. ભાજપનો ડર મુસ્લિમોને પોતાની બાજુમાં રાખવા માટે એક શક્તિશાળી હથિયાર છે. ૨૦૧૧ની ચૂંટણીમાં, મમતા બેનર્જીએ સચ્ચર સમિતિના અહેવાલને લાગુ કરવાનું વચન આપ્યું હતું. બે વર્ષ પછી, તેમણે જાહેરાત કરી કે અહેવાલનો ૯૦ ટકા અમલ થઈ ગયો છે. ભાગ્યે જ કોઈ રાજ્ય સરકારે આટલી ઝડપથી આવું કર્યું છે. મમતા બેનર્જી દરેક ચૂંટણીમાં મુસ્લિમો માટે નવી જાહેરાતો કરે છે. આચારસંહિતા લાગુ થયાના બે દિવસ પહેલા જ તેમણે ઈમામના ભથ્થામાં વધારો કરવાની જાહેરાત કરી હતી. તેઓ મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે ખાસ શિષ્યવૃત્તિ યોજના ચલાવે છે. ચૂંટણી પહેલાના વચગાળાના બજેટમાં, તેમની સરકારે લઘુમતી બાબતો માટે ૫,૭૦૦ કરોડ પણ ફાળવ્યા હતા. મુસ્લિમો માટે સ્પષ્ટ છે કે જો તૃણમૂલ હારી જશે, તો ભાજપ સત્તામાં આવશે. આ સૂચવે છે કે મુસ્લિમ મતો તૃણમૂલ તરફ જશે. જોકે, હુમાયુ કબીરની આમ જનતા ઉન્નય પાર્ટી બંગાળમાં એક નવો પ્રયોગ છે. બાબરી મસ્જિદના શિલાન્યાસ દરમિયાન એકઠી થયેલી વિશાળ ભીડે પણ મજબૂત વાતાવરણ બનાવ્યું. કબીર મુસ્લિમોમાં એક ચહેરા તરીકે ઉભરી રહ્યા છે. તૃણમૂલ કોંગ્રેસે તેના ૨૯૧ ઉમેદવારોમાંથી ૪૭ મુસ્લિમોને મેદાનમાં ઉતાર્યા છે, જે લગભગ ૧૮ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. ગયા વખતની જેમ, મમતાએ મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં પણ હિન્દુ ઉમેદવારો ઉભા રાખ્યા છે. હકીકતમાં, મમતાએ ક્યારેય મુસ્લિમોને વધુ ટિકિટ આપી નથી. હુમાયુ કબીર, ઓવૈસી અને અન્ય મુસ્લિમ નેતાઓ આને મુદ્દો બનાવી રહ્યા છે.


# વિક્લી માર્કેટ રિપોર્ટઃ સપ્તાહ દરમિયાન સોનાના વાયદામાં રૂ.૭૧૬૬, ચાંદીના વાયદામાં રૂ.૧૨૬૨૧ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૪૦૯નો તીવ્ર ઉછાળો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૦૩૦૧૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૫૨૪૬૨ કરોડનું સાપ્તાહિક ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૯૭૪૦૧ કરોડનાં સાપ્તાહિક કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૫૮૨૫ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૨૭ માર્ચથી ૨ એપ્રિલના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૩૫૫૪૮૫.૯૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૦૩૦૧૫.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૦૫૨૪૬૨.૨૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૫૮૨૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં સાપ્તાહિક ધોરણે કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૦૧૧૪.૪૪ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૯૭૪૦૧.૮૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૪૦૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૫૪૫૦૦ અને નીચામાં રૂ.૧૪૩૬૫૨ના મથાળે અથડાઈ, રૂ.૧૪૨૫૧૪ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૭૧૬૬ના ઉછાળા સાથે રૂ.૧૪૯૬૮૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૫૦૯૪ ઊછળી રૂ.૧૧૯૩૧૨ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૬૪૨ની તેજી સાથે રૂ.૧૪૯૩૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૯૦૦ની વૃદ્ધિ સાથે રૂ.૧૪૮૧૪૦ થયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૩૦૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૫૩૧૦૦ અને નીચામાં રૂ.૧૪૨૨૩૯ના મથાળે અથડાઈ, રૂ.૧૪૧૫૪૭ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૬૯૯૨ના ઉછાળા સાથે રૂ.૧૪૮૫૩૯ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૨૪૨૪૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૨૪૩૯૮૧ અને નીચામાં રૂ.૨૨૧૨૦૯ના સ્તરને સ્પર્શી, રૂ.૨૧૯૮૭૪ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૨૬૨૧ના ઉછાળા સાથે રૂ.૨૩૨૪૯૫ના સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૧૨૭૯ની વૃદ્ધિ સાથે રૂ.૨૩૫૬૪૫ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૧૩૬૦ની તેજી સાથે સપ્તાહના અંતે રૂ.૨૩૫૭૫૯ થયો હતો.




બિનલોહ ધાતુઓમાં રૂ.૧૭૯૦૧.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૧૬.૨ વધી રૂ.૧૧૫૫.૧ના સ્તરે પહોંચ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૧૩.૩૫ વધી સપ્તાહના અંતે રૂ.૩૨૩.૨ના ભાવે બંધ થયો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો સપ્તાહના અંતે રૂ.૧૮.૨ વધી રૂ.૩૫૪.૩૫ના ભાવે બોલાયો હતો. સીસું એપ્રિલ વાયદો રૂ.૨.૮ વધી રૂ.૧૯૫.૨૫ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૮૭૬૨૬.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૪૫૬૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૫૫૦ અને નીચામાં રૂ.૪૫૨૫ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૭૦૬ વધી રૂ.૫૨૬૩ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૮૮૬૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૬૪૦ અને નીચામાં રૂ.૮૮૨૦ના સ્તરને સ્પર્શી, રૂ.૮૯૯૯ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૪૦૯ની તેજી સાથે રૂ.૧૦૪૦૮ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો સપ્તાહના અંતે રૂ.૧૪૦૪ વધી રૂ.૧૦૪૦૩ થયો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૭.૧ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૬૪ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૭.૨ ઘટી રૂ.૨૬૪ના સ્તરે સપ્તાહના અંતે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૦૧૮.૫ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૨.૪ વધી રૂ.૧૦૨૯.૪ થયો હતો. એલચી મે વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૪૫૦ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫૪ વધી રૂ.૨૫૩૫ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૩૬૨૭૫.૪૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૬૧૧૨૬.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૧૧૮૦૩.૦૮ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૩૯૨૫.૮૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૩૫.૧૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૦૩૭.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૨૫૮.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૬૮૫૬૬.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૮૮૦૧.૭૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૮૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૬૬૪૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૦૧૭૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૫૫૬૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૯૨૬૪૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૦૫૭૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૫૭૭૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૩૬૯૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૪૯૮૫૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૭૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૬૬૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૬૬૧૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૪૪૧૭ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૩૬૯૬૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૪૩૯૫ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૧૫૩૬ પોઈન્ટ વધી ૩૫૮૨૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

### AAPના એક્શન બાદ રાઘવ ચઢ્ઢાનો કેજરીવાલને જવાબ

# રાઘવ ચઢ્ઢાએ કહ્યું જનતાનો મુદ્દો ઉઠાવીને મેં શું ગુનો કર્યો?

### રાજ્યસભામાં ડેપ્યુટી લીડર પદ પરથી હટાવવામાં આવ્યા બાદ રાઘવ ચઢ્ઢાએ વીડિયો જાહેર કરીને ગંભીર આક્ષેપો કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આમ આદમી પાર્ટીના ફાયરબ્રાન્ડ નેતા અને રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાએ આખરે પોતાની પાર્ટી સામે જ મોરચો ખોલી દીધો છે. રાજ્યસભામાં ડેપ્યુટી લીડર પદ પરથી હટાવવામાં આવ્યા બાદ રાઘવ ચઢ્ઢાએ એક વીડિયો જાહેર કરીને ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે સીધો સવાલ કર્યો છે કે, "શું જનતાના મુદ્દા ઉઠાવવા એ ગુનો છે?" રાઘવ ચઢ્ઢાએ અત્યંત આક્રમક અંદાજમાં પોતાની પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, "મને જ્યારે પણ સંસદમાં બોલવાની તક મળે છે, ત્યારે હું જનતાના મુદ્દા ઉઠાવું છું. કદાચ એવા વિષયો જે સામાન્ય રીતે સંસદમાં ચર્ચાતા નથી. મને ખામોશ કરવાના પ્રયાસો થયા છે, પરંતુ હું હાર્યો નથી. જે લોકોએ મને ચૂપ કરવાનો પ્રયાસ કર્યો છે તેમને કહેવા માંગુ છું કે," મેરી ખામોશી કો મેરી હાર મત સમજ લેના, મૈં વો દરિયા હૂં જો વક્ત આને પર સૈલાબ બનતા હૈ." ગુરુવારે આમ આદમી પાર્ટીએ રાજ્યસભા સચિવાલયને પત્ર લખીને રાઘવ ચઢ્ઢાને ડેપ્યુટી લીડર પદ પરથી હટાવવાની વિનંતી કરી હતી. એટલું જ નહીં, પાર્ટીએ એવી પણ માગ કરી છે કે રાઘવ ચઢ્ઢાને છઈઁના નિર્ધારિત ક્વોટામાંથી બોલવા માટે સમય ફાળવવામાં ન આવે. તેમના સ્થાને પંજાબના સાંસદ અશોક મિત્તલનું નામ પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે. એક સમયે અરવિંદ કેજરીવાલના સૌથી નજીકના સાથી ગણાતા રાઘવ ચઢ્ઢા અને પાર્ટી વચ્ચેના સંબંધો છેલ્લા કેટલાક મહિનાઓથી વણસ્યા છે. તેની પાછળ કેટલાક મહત્ત્વના પરિબળો છે. જેમાં કેટલાક મુખ્ય કારણો હાલ ચર્ચામાં છે. માર્ચ ૨૦૨૪માં જ્યારે દારૂ કૌભાંડમાં કેજરીવાલની ધરપકડ થઈ, ત્યારે રાઘવ ચઢ્ઢા તબીબી કારણોસર વિદેશમાં હતા. કેજરીવાલની ૬ મહિનાની જેલ દરમિયાન તેઓ દેશની બહાર જ રહ્યા હતા. કેજરીવાલ, મનીષ સિસોદિયા અને અન્ય નેતાઓ જેલમાંથી મુક્ત થયા ત્યારે રાઘવ ચઢ્ઢાએ રહસ્યમય મૌન જાળવ્યું હતું. તેઓ જંતર-મંતરની રેલી કે કેજરીવાલની પ્રેસ કોન્ફરન્સમાં પણ જોવા મળ્યા નહોતા. AAPનું માનવું છે કે, રાઘવ ચઢ્ઢા હવે સંસદમાં પાર્ટીનો પક્ષ મજબૂતીથી મૂકી શકતા નથી. તેમને ધીમે ધીમે અન્ય રાજ્યોના ચૂંટણી પ્રચાર અને સંગઠનાત્મક કાર્યોથી પણ અલગ કરી દેવામાં આવ્યા છે. રાઘવ ચઢ્ઢાએ પોતાના વીડિયોમાં મધ્યમ વર્ગ પર ટેક્સનું ભારણ, ડેટા એક્સપાયરીની સમસ્યા અને ઍરપૉર્ટ પર વધારાના સામાનના ચાર્જ જેવા મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે સંકેત આપ્યો કે તેઓ જનતાની વાત કરી રહ્યા છે, જેનાથી કદાચ પાર્ટીને નુકસાન થઈ રહ્યું છે. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે છઈઁમાં હવે રાઘવ ચઢ્ઢાનું સ્થાન જોખમમાં છે. પંજાબથી રાજ્યસભા સાંસદ બનેલા ચઢ્ઢા અને આપ વચ્ચે હવે આરપારની લડાઈ શરૂ થઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે. આગામી દિવસોમાં આ વિવાદ વધુ વકરે તેવી પ્રબળ શક્યતા છે.

# કેપ્ટન પંત સાથેની તકરાર મુદ્દે ગોયનકા પર ભડક્યો લલિત મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લખનઉ સુપર જાયન્ટ્સના માલિક સંજીવ ગોયનકા ફરી એકવાર સવાલોના ઘેરામાં છે. IPL 2026ની દિલ્હી કેપિટલ્સ સામેની પહેલી મેચ હાર્યા બાદ સંજીવ ગોયનકા કેપ્ટન ઋષભ પંત અને મેદાન પર સપોર્ટ સ્ટાફ સાથે વાત કરતા જોવા મળ્યા હતા. ચાહકોએ તરત જ આ વાતને KL રાહુલ સાથે જોડી દીધી. ગોયનકાએ IPL 2024 દરમિયાન રાહુલ સાથે પણ આવું જ વર્તન કર્યું હતું, ત્યારબાદ ભારતીય ખેલાડીએ ફ્રેન્ચાઈઝી છોડી દીધી હતી. હવે પંત સાથે પણ આવું દ વર્તન થતું જોઈને ચાહકો અને ક્રિકેટ પંડિતો નાખુશ છે. લલિત મોદીએ તો સંજીવ ગોયનકાને IPLમાંથી પ્રતિબંધિત કરવા અને તેમની પાસેથી ઓનરશિપ છીનવી લેવાની વાત કહી દીધી છે.

ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન માઈકલ વૉને આ મુદ્દે X પર પોસ્ટ કરતા લખ્યું કે, ટુર્નામેન્ટમાં માત્ર એક જ ગેમ થઈ છે. આની કોઈ જરૂર નથી. વૉનની આ પોસ્ટ પર લલિત મોદીએ લખ્યું કે, જો હું હજુ પણ IPL ચેરમેન અને કમિશનર હોત તો સંજીવ ગોયનકાને બૅન કરી દેત અને તેમની પાસેથી ઓનરશિપ પણ છીનવી લેત. તેને લઈને એક ક્લોઝ પણ છે. લલિત મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે, મેં તમને કહ્યું હતું કે, આ માણસ સંજીવ ગોયનકા જે લખનઉ સુપર જાયન્ટ્સના માલિક છે, તે એકદમ લૂઝર અને સૌથી મોટો જોકર છે. હું તેના વર્તનથી ખરેખર શરમ અનુભવું છું.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને પગલે સરકારે બદલ્યો નિર્ણય

# રાજ્યમા શરૂ થનારી વસ્તી ગણતરી હાલ નહિ થાય

### ચૂંટણી બાદ નવી તારીખો જાહેર કરવામાં આવશે : એટલે કે, હાલ પૂરતી ગુજરાતમાં વસ્તી ગણતરીના કાર્યક્રમ પર બ્રેક

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગરથી મોટી ખબર આવી છે. રાજ્યમા શરૂ થનારી વસ્તી ગણતરી હાલ નહિ થાય. કારણ કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીના કારણે હાલ મોકુફ રાખવાનો નિર્ણય લેવાયો છે. ચૂંટણી બાદ નવી તારીખો જાહેર કરવામાં આવશે. એટલે કે, હાલ પૂરતી ગુજરાતમાં વસ્તી ગણતરીના કાર્યક્રમ પર બ્રેક મૂકવામાં આવ્યો છે.

ગુજરાતમાં ૧૬ વર્ષ પછી વસ્તી ગણતરી (Census 2027) ના પ્રથમ તબક્કાનો ૧ એપ્રિલથી સત્તાવાર પ્રારંભ થયો છે. જેમાં પ્રથમ તબક્કામાં હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ શરૂ થયું છે. આ પ્રક્રિયા સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી ચાલશે. દેશમાં પહેલીવાર ડિજિટલ વસ્તી ગણતરી થશે. ભારતની આ પ્રથમ સંપૂર્ણ ડિજિટલ વસ્તી ગણતરી છે, જેમાં ફોર્મને બદલે મોબાઈલ એપનો ઉપયોગ થવાનો છે. જેમાં નાગરિકો સેલ્ફ-એન્યુમરેશન (સ્વ-ગણતરી) કરી શકેશ. પહેલીવાર નાગરિકો પોતે ઓનલાઈન પોર્ટલ દ્વારા પોતાની વિગતો ભરી શકશે. દરેક રાજ્ય માટે ૧૫ દિવસનો સેલ્ફ-એન્યુમરેશન વિન્ડો આપવામાં આવશે. ગુજરાતમાં વસ્તી ગણતરી ૫ એપ્રિલથી શરૂ થવાની હતી, જે ૧૯ મે સુધી તેની કામગીરી ચાલવાની હતી. આ બાદ ઘરે-ઘરે જઈને ગણતરી કરવાની પ્રક્રિયા ૨૦ એપ્રિલથી ૧૯ મે દરમિયાન થશે.

ત્યારે ગાંધીનગરથી પ્રાપ્ત માહિતી અનુસાર, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને પગલે ૫ એપ્રિલે શરૂ થનારી વસ્તી ગણતરીની તારીખ પાછી ઠેલાઈ છે. સરકારે ચૂંટણીને પગલે નિર્ણય લીધો છે. જોકે, સરકારે નવી તારીખ હજી સુધી જાહેર નથી કરી. ફરીથી વસ્તી ગણતરીની તારીખ હાલ જાહેર નથી કરાઈ. આ ઉપરાંત ઉમરેઠ વિધાનસભાની પેટાચૂંટણી પણ આવી રહી છે. આ કારણે હવે વસ્તી ગણતરી બાદમાં કરવામા આવશે, જેની તારીખ સરકાર જાહેર કરશે

૫ એપ્રિલથી દેશમાં વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો શરૂ થવા જઈ રહ્યો છે. જેમાં નારિકોને ૩૩ અલગ અલગ સવાલો પૂછવામાં આવશે. દરેક ઘરનું જિયો-મેપિંગ કરવામાં આવશે. આ પ્રક્રિયામાં ડિજિટલ નકશાનો ઉપયોગ થશે, જેથી કોઈ પણ ઘર નોંધણી વગરનું બાકી ન રહી જાય.

## ભારત એકમાત્ર દેશ જેણે પોતાના નાવિક ગુમાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને કારણે લાંબા સમયથી બંધ હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે બ્રિટનની આગેવાનીમાં એક અત્યંત મહત્ત્વની બેઠક યોજાઈ હતી. આ વર્ચ્યુઅલ બેઠકમાં ભારત સહિત ફ્રાન્સ, જર્મની, ઈટાલી, કેનેડા અને યુએઈ જેવા દેશોના પ્રતિનિધિઓ સામેલ થયા હતા. ભારત તરફથી વિદેશ સચિવ વિક્રમ મિસરીએ આ બેઠકમાં ભાગ લીધો હતો અને ભારતે સ્પષ્ટ શબ્દોમાં પોતાનું વલણ રજૂ કર્યું હતું. ભારતે ભારપૂર્વક જણાવ્યું હતું કે, અમે એકમાત્ર એવો દેશ છીએ જેણે આ સંઘર્ષમાં પોતાના નાવિકો ગુમાવ્યા છે, તેથી આ દરિયાઈ માર્ગને વહેલી તકે ખોલવો જોઈએ.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ભારત હંમેશા આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ મુક્ત અને ખુલ્લી દરિયાઈ સુરક્ષાનું સમર્થન કરતું આવ્યું છે.

### ૮ મુખ્ય પુલને ઉડાવી દેવાની આપી ધમકી

# B1 પુલ પર અમેરિકાના અટેક બાદ ઈરાન ભડક્યું

### ઈરાનમાં એક મુખ્ય પુલ પર યુએસ હુમલામાં ઓછામાં ઓછા આઠ લોકો માર્યા ગયા, ૯૫ લોકો ઘાયલ થયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

હકીકતમાં, ઈરાનની રાજ્ય સમાચાર એજન્સી, ફાર્સે, ગલ્ફ દેશો અને જોર્ડનમાં આઠ મહત્વપૂર્ણ પુલોની યાદી બહાર પાડી છે, જેને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ હુમલા માટે સંભવિત લક્ષ્યો તરીકે ઓળખી કાઢ્યા છે.

ઈરાન કયા પુલોને નિશાન બનાવી શકે છે? :- અનાદોલુના એક અહેવાલ મુજબ, ઈરાનની યાદીમાં કુવૈતનો શેખ જાબેર અલ-અહમદ અલ-સબાહ સી બ્રિજ, સંયુક્ત આરબ અમીરાત (UAE)નો શેખ ઝાયેદ બ્રિજ, અલ મક્તા બ્રિજ અને શેખ ખલીફા બ્રિજ, સાઉદી અરેબિયાને બહેરીન સાથે જોડતો કિંગ ફહદ કોઝવે, તેમજ જોર્ડનનો કિંગ હુસૈન બ્રિજ, દામિયા બ્રિજ અને અબ્દુન બ્રિજનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, આ હુમલો યુએસ પ્રમુખ ટ્રમ્પે ઈરાનને "પાષાણ યુગ" મોકલવાની ધમકી આપ્યા બાદ થયો છે. ગુરુવારે થયેલા યુએસ-ઈઝરાયલી હુમલામાં મધ્ય પૂર્વના સૌથી ઊંચા પુલને આંશિક નુકસાન થયું હતું. ૧૩૬ મીટર ઉંચો B1 પુલ નિર્માણાધીન હતો અને તેહરાનને પશ્ચિમી શહેર કારાજ સાથે જોડવાનો હતો. આ હુમલામાં ઘણા લોકો ઘાયલ થયા હતા.

ઈરાનના રાજ્ય મીડિયાએ અલ્બોર્ઝ પ્રાંતના અધિકારીઓને ટાંકીને અહેવાલ આપ્યો છે કે, ઈરાનમાં એક મુખ્ય પુલ પર યુએસ હુમલામાં ઓછામાં ઓછા આઠ લોકો માર્યા ગયા અને લગભગ ૯૫ લોકો ઘાયલ થયા, જ્યાં લોકો નેચર ડેના સેલિબ્રેશન માટે એકઠા થયા હતા.

યુએસ પ્રમુખ ટ્રમ્પે તેહરાનથી ૩૫ કિલોમીટર દક્ષિણપશ્ચિમમાં સ્થિત B1 બ્રિજ પરથી ધુમાડો નીકળતો ફૂટેજ પોસ્ટ કર્યો હતો અને જો ઈરાન પાંચ અઠવાડિયાના યુદ્ધને સમાપ્ત કરવા માટે વાટાઘાટો માટે સંમત નહીં થાય તો વધુ વિનાશની ચેતવણી આપી હતી.ટ્રમ્પે ચેતવણી આપી હતી કે, "ઈરાનનો સૌથી મોટો પુલ તૂટી પડ્યો છે, તે ફરી ક્યારેય ઉપયોગમાં લેવાશે નહીં, અને બીજુ પણ ઘણું થવાનું છે. તે પહેલાં ખૂબ મોડું થઈ જાય, અને એક મહાન રાષ્ટ્ર બનવાની આશા ગુમાવે હવે ઈરાન માટે સમજૂતિ કરવાનો સમય આવી ગયો છે,

આ દરમિયાન, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ એક પોસ્ટમાં કહ્યું, "અધૂરા પુલો સહિત નાગરિક માળખા પર હુમલો કરવાથી ઈરાનીઓને શરણાગતિ સ્વીકારવા દબાણ કરવામાં આવશે નહીં. તે ફક્ત અવ્યવસ્થિત દુશ્મનની હાર અને નિરાશાને પ્રતિબિંબિત કરશે."

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને લાંબો લેટર લખી કહ્યુ અમારે તમને મળવુ છે

પ્રતિનિધિ,ગાંધીનગર



અરવિંદ કેજરીવાલે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને એક લેટર લખ્યો છે. જેમાં તેમણે મુખ્યમંત્રીને મળવા માટે સમય માગ્યો છે. આ લેટરમાં તેમણે ગુજરાતની ભાજપ સરકાર અને પોલીસ પર અનેક આરોપો લગાવ્યા છે. લખાયેલા પત્રમાં રાજયમાં આમ આદમી પાર્ટીના કાર્યકરો સામે ચાલી રહેલી પોલીસ કાર્યવાહી અંગે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. કેજરીવાલે આ સમગ્ર ઘટનાને સુનિયોજીત રાજકીય સાજીશ ગણાવી છે.

પત્રમાં જણાવાયુ છે કે છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં ભાજપની સરકાર છે અને લોકો ભ્રષ્ટાચાર, અત્યાચાર અને દમન થી પરેશાન થઈ ચુકયા છે, તેમણે દાવો કર્યો હતો કે ભાજપ અને કોંગ્રેસ વચ્ચેની મળતાવળ ને કારણે રાજયમાં કોઈ મજબુત વિકલ્પ ન હતો. પરંતુ હવે આમ આદમી પાર્ટી તરીકે લોકોને એક વિકલ્પ મળ્યો છે. કેજરીવાલના કહેવા મુજબ આમ આદમી પાર્ટી એક નિષ્ઠાવાન, ઈમાનદાર અને દેશભકત લોકોની પાર્ટી છે. અને તે ભાજપ સાથે કોઈ સમજુતી નહી કરે, અરવિંદ કેજરીવાલે વધુમાં જણાવ્યુ હતુ કે છેલ્લા કેટલાક વરસોમાં ગુજરાતમાં આમ આદમી પાર્ટીની લોકપ્રિયતા ઝડપથી વધી રહી છે. જેના કારણે ભાજપ હવે પાર્ટીને દબાવવા માટે કાર્યવાહી કરી રહી છે. તેમના કહેવા મુજબ છેલ્લા ૩ મહિનામાં ૧૬૦ થી વધુ આમ આદમી પાર્ટીના કાર્યકરોની પોલીસે ધરપકડ કરી છે. તેમણે ખાસ કરીને એક ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. જેમાં ગુજરાત આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીને પણ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી અને બાદમાં મોડી રાત્રે મુકત કરવામાં આવ્યા હતા.

કેજરીવાલે આ કાર્યવાહી સ્થાનિક સ્વરાજયની ચુંટણી સાથે જોડી ને ધરપકડ કરવામાં આવી હતી અને જણાવ્યુ હતુ કે આથી એવો સંદેશ જાય છે કે ભાજપ પોલીસના દમ પર ચુંટણી જીતવા માંગે છે. પત્રમાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન બનેલી ૩ ઘટનાઓનો વિગતવાર ઉલ્લેખ કર્યો હતો. જેમાં ખંભાળીયા ખાતે ૩૧ માર્ચ ૨૦૨૬ ના રોજ દિપકસિંહ બપોરે ઘરે જઈ રહ્યા હતા ત્યારે બે લોકો બાઈક પર આવીને તેમની સાથે મારપીટ કરી, જયારે તેઓ ફરીયાદ નોંધાવવા પોલીસ સ્ટેશન ગયા ત્યારે તેમની સામે જ કેસ દાખલ કરીને તેમની જ ધરપકડ કરવામાં આવી. જયારે અન્ય એક પોરબંદર માં ગઈ તારીખ ૩૦-૩૧ માર્ચ ના રોજ પવન અને જગદીશ કામ પરથી પરત ફરી રહ્યા હતા, ત્યારે એક સ્કુટી સવારે ઈરાદાપૂર્વક તેમની ગાડી રોકી અને મારપીટ કરી, પોલીસે તપાસ કર્યા વગર જ બંને પર કલમ ૩૦૭(હત્યા કરવાનો પ્રયાસ) હેઠળ કેસ દાખલ કરી બંનેની ધરપકડ કરી હતી, જયારે અન્ય એક જામનગરમાં ગઈ તારીખ ૩૧ માર્ચ ૨૦૨૬ ના રોજ નવીન કાકરાણ, મુન્નાકુમાર, આલોકસિંહ, પુનિતરાજ અને પ્રિયવ્રતની ગાડી સાથે એક સ્કુટી સવાર અથડાયો હતો, બાદમાં ઝઘડો થયો અને પોલીસે પીડીતો પર જ કલમ ૩૦૭ હેઠળ ગુન્હો નોંધ્યો હતો.

કેજરીવાલે આ તમામ ઘટનાઓને એક જ પેટર્ન હેઠળ ગણાવી છે. તેમણે દાવો કર્યો હતો કે અજાણ્યા લોકો પહેલા આમ આદમી પાર્ટી ના કાર્યકરો સાથે ઝઘડો કરે છે. પછી ક્રાઈમ બ્રાન્ચને ફોન કરે છે અને થોડા જ સમયમાં પોલીસ આવીને આમ આદમી પાર્ટીના કાર્યકરો ને જ ધરપકડ કરી લે છે. તેમણે વધુમાં કહ્યુ કે પોલીસ કોઈ તપાસ કર્યા વગર એકતરફી કાર્યવાહી કરે છે અને હુમલો કરનારાઓને છોડીને આમ આદમી પાર્ટીના કાર્યકરો ને જ જેલમાં મોકલે છે. કેજરીવાલે વધુમાં કહ્યુ કે ગુજરાતમાં આમ આદમી પાર્ટીના સેંકડો નેતાઓ અને કાર્યકરોના ઘેર જઈને પોલીસ ખુલ્લેઆમ ધમકી આપી રહી છે. તેમને ગુજરાત છોડવા માટે કહેવામાં આવે છે અને તેમના પરીવારજનોને પણ હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે. તેમણે દાવો કર્યો કે રાજયમાં આમ આદમી પાર્ટીને સમાપ્ત કરવા માટે ઉચ્ચ સ્તરે સાજીશ રચાઈ છે અને આવનારા દિવસોમાં હજારો કાર્યકરોની ધરપકડ કરવાની યોજના છે. કેજરીવાલે સવાલ ઉઠાવ્યો હતો કે શું ભાજપ આવી રીત થી ગુજરાતમાં ચુંટણી જીતવા માંગે છે ? તેમણે વધુમાં કહ્યુ કે જો વિરોધ પક્ષના નેતાઓને જેલમાં નાખીને જ ચુંટણી જીતવી હોય તો પછી ચુંટણી કરાવવાની શું જરૂર છે ? તેમણે વધુમાં જણાવ્યુ કે પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર છે. છતાં ત્યા ભાજપના નેતાઓ સામે આવી કાર્યવાહી કરવામાં આવતી નથી, કારણ કે આમ આદમી પાર્ટી સંવિધાનમાં વિશ્વાસ રાખે છે અને ગુંડાગીરી કરતી નથી.

પત્રમાં વધુમાં કહેવામાં આવ્યુ છે કે ગુજરાતમાં ભાજપે સારા કામ કર્યા નથી, જેના કારણે હવે દમન અને અત્યાચારનો રસ્તો અપનાવી રહી છે. કેજરીવાલે વધુમાં જણાવ્યુ કે આમ આદમી પાર્ટી પોતાની કામગીરીના આધારે ચુંટણી લડશે અને જનતાથી મત માંગશે. કેજરીવાલે વધુમાં પત્રમાં લખ્યુ છે કે ગુજરાતની જનતા બધુ જોઈ રહી છે અને ભાજપની તાનાશાહી થી ન ડરે અને ન દબાય, તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો કે આમ આદમી પાર્ટીની વિચારધારા વધુ ફેલાશે, અંતમાં તેમણે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરવાની ઈચ્છા વ્યકત કરી અને કહ્યુ કે તેઓ પંજાબના મુખ્યમંત્રી ભગવંતમાન સાથે મળીને ગુજરાતના નેતાઓ સાથે ચર્ચા કરવા માંગે છે.

## સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જીતવા કોંગ્રેસ સજજ: રવિવાર થી કોંગ્રેસ ઉમેદવારોના નામ જાહેર કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



સ્થાનિક સ્વરાજયની આગામી ચુંટણીઓના પડઘમ વાગી ચુકયા છે. ત્યારે રાજકોટ ખાતે કોંગ્રેસ પક્ષની સૌરાષ્ટ્ર ઝોનની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠક બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે કોંગ્રેસ પક્ષ દ્વારા ચુંટણીની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે અને પક્ષ સંપુર્ણ તાકાત સાથે ચુંટણીના મેદાનમાં ઉતરશે, આગામી રવિવાર થી ઉમેદવારોના નામોની તબકકાવાર જાહેરાત કરી દેવામાં આવશે.

અમિત ચાવડાએ વર્તમાન સરકાર પર નિશાન સાધતા કહ્યુ હતુ કે હાલની સરકાર સંપૂર્ણપણે ખાડે ગઈ છે અને વહિવટમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. મંત્રીઓ મંત્રીઓના કામો કરતા નથી, તો કેટલાક ધારાસભ્યોની ભલામણો મંત્રીઓના કાર્યાલયે ધુળ ખાઈ રહી છે. આમ જનતાની વચ્ચે જઈને તેમની રજુઆતો સાંભળી છે. ગુજરાતની જનતા હવે આ સરકારને જાકારો આપવા તૈયાર છે. વધુમાં તેમણે કહ્યુ હતુ કે ચુંટણીમાં મોંઘવારી, બેરોજગારી, ખેડુતોને પોષણક્ષમ ભાવ ન મળવા, તેમજ રાજયમાં કથળેલી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મુખ્ય મુદ્દાઓ રહેશે. ખાસ કરીને દારૂ અને ડ્રગ્સના કારણે બરબાદ થઈ રહેલી યુવા પેઢીનો મુદ્દો પણ કોંગ્રેસ આક્રમક રીતે ઉઠાવશે. ચુંટણીમાં ઉમેદવારોની જાહેરાત અંગે સ્પષ્ટતા કરતા ચાવડાએ જણાવ્યુ હતુ કે આગામી તારીખ ૫ એપ્રિલ થી તબકકાવાર ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે. સૌ પ્રથમ મહાનગરપાલિકાના ઉમેદવારોની યાદી જાહેર થશે, ત્યારબાદ અન્ય બેઠકો માટેના નામોની જાહેરાત કરાશે. ઉલ્લેખનીય છે કે સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં અંદાજે ૧૦ હજાર બેઠકો માટે મતદાન થવાનુ છે. ભુતકાળના અનુભવોને ધ્યાને રાખીને કોંગ્રેસે આ વખતે ખાસ તકેદારી રાખી છે. અમિત ચાવડાએ વધુમાં જણાવ્યુ હતુ કે કોઈપણ ઉમેદવારનુ ફોર્મ રદ ન થાય અથવા દબાણ હેઠળ ફોર્મ પાછુ ખેંચવાની સ્થિતિમાં બેઠક બિન હરીફ ન થઈ જાય તે માટે દરેક જિલ્લા મથકે અમારી લીગલ ટીમ તૈનાત કરવામાં આવી છે.

## DyCM સામે ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યા

# દેશની સેવા કરતા જવાનની વેદના: ભૂ-માફિયાથી અમને બચાવો

### સેનાના જવાનને આ રીતે ભાવુક થતા જોઈને નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિન્હાએ તરત જ તેમને શાંત પાડવાનો પ્રયાસ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)છપરા

દેશની સેવા કરતા ભારતીય સેનાના એક સૈનિકની આંખોમાં આંસુ અને અવાજમાં વેદના જોઈને આખું મંચ સ્તબ્ધ થઈ ગયું. બિહારના નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિન્હા સમક્ષ મંચ પર ઊભેલા સેનાના જવાન સહદેવ કુમાર ધ્રુસકેને ધ્રુસકે રડી પડ્યા. તેમની વેદના એટલી ઊંડી હતી કે શબ્દો અટકી જતા હતા. સહદેવ કુમાર, જે સુપૌલમાં સેનાના જવાન તરીકે તૈનાત છે, તેમણે મંગળવારે (૨ એપ્રિલ) ભિખારી ઠાકુર પ્રેક્ષાગૃહમાં ચાલી રહેલા "ભૂમિ સુધાર જનકલ્યાણ સંવાદ" કાર્યક્રમમાં પોતાની વ્યથા વ્યક્ત કરી.

તેમણે કહ્યું કે, "સર, અમારા પર ભૂમાફિયાઓએ અત્યાચાર કર્યો છે. અમારી જમીન પર ગેરકાયદેસર રીતે કબજો કરી લીધો છે. આ વિવાદને કારણે મારા પિતાનું અવસાન થઈ ગયું અને મારા કાકાને બ્રેઈન હેમરેજ થઈ ગયું છે. અમે નિરાધાર થઈ ગયા છીએ." આગળ બોલતાં તેમનો અવાજ ભાંગી ગયો અને તેઓ મંચ પર જ રડી પડ્યા. તેમણે કહ્યું, "સર, અમને ન્યાય નહીં મળે તો અમે આપઘાત કરી લઈશું. મારી ચાર બહેનો છે, તેના લગ્ન કેવી રીતે કરીશું? અમે કોર્ટમાં જવા સક્ષમ નથી. અમારે કામ કરવું કે પછી કોર્ટના ધક્કા ખાવા?"

સેનાના જવાનને આ રીતે ભાવુક થતા જોઈને નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિન્હાએ તરત જ તેમને શાંત પાડવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું, "આપઘાત કરવો એ કાયરતા છે. તમે જો ચાલ્યા ગયા તો તમારા પરિવારને કોણ સંભાળશે? તમે દેશની રક્ષા કરો છો, તમને ન્યાય મળશે જ. જો આપણે ગુનેગારોથી ડરી જઈશું તો ગુનેગારો આપણા પર ચઢી બેસશે."

જે બાદ નાયબ મુખ્યમંત્રીએ તરત જ જિલ્લા વહીવટી તંત્રને કડક આદેશ આપ્યો. તેમણે કહ્યું કે, "આ કેસની તાત્કાલિક તપાસ કરો અને ભૂમાફિયાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરો. લોકોની જમીન પર ગેરકાયદેસર કબજો કરનાર કોઈને પણ બક્ષવામાં નહીં આવે. તમામ ભૂમાફિયાઓની ઓળખ કરીને તેમની સામે કાનૂની કાર્યવાહી કરો અને જમીનને મુક્ત કરાવો."

સહદેવ કુમારનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો છે. લોકો તેમની વેદના અને મજબૂરી જોઈને પ્રતિક્રિયા આપી રહ્યા છે. ઘણા લોકો સરકારને આ કેસમાં ઝડપી અને ન્યાયી કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. આ ઘટના એક વખત ફરી યાદ અપાવે છે કે દેશની સીમાઓની રક્ષા કરતા જવાનો પોતાના ઘરમાં કેટલી મોટી લડાઈ લડી રહ્યા છે. નાયબ મુખ્યમંત્રી વિજય સિન્હાના હસ્તક્ષેપ પછી હવે આ કેસમાં શું કાર્યવાહી થાય છે તેના તરફ લોકોની નજર છે.

## વડોદરાના નિઝામપુરા ની સોસાયટીમાં ચુંટણી પહેલા બહિષ્કાર: નેતાઓના પ્રવેશ પર લાગ્યો પ્રતિબંધ: પાણી નહી તો વોટ નહી ના બેનરો લાગ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




વડોદરા મહાનગરપાલિકાની આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ રાજકીય માહોલ ગરમાયો છે. પરંતુ નેતાઓ માટે પ્રચારનુ કામ મુશ્કેલ બની ગયુ છે. વડોદરાના નિઝામપુરા વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ અને ખાસ કરીને પીવાના પાણીના અભાવે રોષે ભરાયેલી જનતાએ ચુંટણી બહિષ્કારનો માર્ગ અપનાવ્યો છે. નિઝામપુરા વિસ્તારના રહીશો ૨૦ વરસથી પાણી માટે ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

નિઝામપુરા વિસ્તારમાં આવેલી અસ્મિતા પાર્ક, દિપ મંગલ, મયુર પાર્ક અને શ્વેતા પાર્ક જેવી અંદાજે ૩૫ વરસ જુની સોસાયટીના રહીશો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે છેલ્લા ૨૦ વરસથી તેમને પીવાનુ પુરતુ પાણી મળતુ નથી, છતાં મહાનગરપાલિકા દ્વારા દર વરસે હજારો રૂપીયાનો માતબર વેરો પુરતો વસુલવામાં આવે છે, આ અંગે લોકોએ બળાપો કાઢયો હતો કે અગાઉ તેમણે કોંગ્રેસના પ્રતિનિધિઓને મત આપીને જીતાડયા હતા, પરંતુ તેઓ પણ નકામા જ સાબિત થયા છે. હવે નિઝામપુરા વિસ્તારના સ્થાનિકોએ સોસાયટીઓના મુખ્ય ગેટ પર ચુંટણી બહિષ્કારના બેનરો લગાવી નેતાઓને સ્પષ્ટ ચેતવણી આપી છે કે વોટ માંગવા માટે અહી પ્રવેશ કરવો નહી.

આ સમગ્ર મામલે વોર્ડ નં.૧ ના પૂર્વ કોર્પોરેટર અમીબેન રાવતે બચાવ કરતા જણાવ્યુ હતુ કે તેમને સ્થાનિકો તરફથી કોઈ સત્તાવાર રજુઆત મળી નથી, અને માત્ર મીડીયા દ્વારા જ આ સમસ્યા ધ્યાનમાં આવી છે. જો કે તેમણે આ અંગે મ્યુનિસીપલ કમિશ્નર ને મળીને રજુઆત કરવાની ખાત્રી આપી છે. કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટરે ભાજપ પર નિશાન સાધતા અમીબેન રાવતે કહ્યુ હતુ કે ભાજપના આંતરીક વિખવાદના કારણે પ્રજાના પ્રશ્નો ઉકેલાતા નથી, અને સોસાયટીના કેટલાક લોકો ભાજપ સાથે સંકળાયેલા હોવાથી તેઓએ કોંગ્રેસના કોર્પોરેટરને આ સમસ્યાની જાણ કરી ન હતી, નિઝામપુરાની આ સોસાયટીઓમાં હાલ નેતાઓ પ્રત્યે ભારે આક્રોશ વ્યાપેલો છે. લોકોએ નિર્ધાર કર્યો છે કે વરસોથી માત્ર આશ્વાસન મળ્યા છે. પરંતુ જો આ વખતે ચુંટણી પહેલા પાણીની સમસ્યાનુ કાયમી અને નકકર નિરાકરણ નહી આવે તો કોઈપણ પક્ષને મતદાન કરવામાં આવશે નહી.

### ભાજપ મંગળ કે બુધવારે ઉમેદવારોના નામ જાહેર કરે તેવી સંભાવના

## આજે ઉમરેઠ વિધાનસભાના ભાજપના ઉમેદવાર વાજતે ગાજતે ઉમેદવારી ફોર્મ ભરશે : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત ભાજપની ટીમ સાથે વાજતે ગાજતે ઉમેદવારી ફોર્મ ભરશે

પ્રતિનિધિ,ગાંધીનગર




સ્થાનિક સ્વરાજયની ચુંટણીની તારીખો જાહેર થઈ ચુકી છે. ઉમેદવારોની પસંદગી માટે ભાજપ દ્વારા હાલ સેન્સ પ્રક્રિયા પુરજોશમાં ચાલી રહી છે. આજે મોડી રાત સુધીમાં સેન્સ પ્રક્રિયા પૂર્ણ થઈ જશે.

આગામી રવિવાર અથવા સોમવારે ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે. સોમવાર થી ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે. ભાજપ દ્વારા મંગળવારે અથવા બુધવારે ઉમેદવારોના નામની જાહેરાત કરી દેવામાં આવશે, ગુરૂવાર અથવા શુક્રવારે ચુંટણીના ઉમેદવારી ફોર્મ ભરશે અને શનિવાર થી પુરજોશમાં પ્રચાર પ્રસાર શરૂ કરી દેવામાં આવશે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાની આશરે ૧૨ હજાર જેટલી બેઠક પર કમળના પ્રતિક પર થી ચુંટણી લડવા માટે ૮૦ હજાર થી વધુ કાર્યકરોએ દાવેદારી નોંધાવી છે.

આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતમાં મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચુંટણી માટે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દેવામાં આવી છે. જેમાં ૪૬૦ ઉમેદવારો જાહેર કરી દેવામાં આવ્યા છે. કોંગ્રેસે તો મહિનાઓ અગાઉ સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરી બેઠક વાઈઝ સંભવિત ઉમેદવારોના નામની પેનલો બનાવવામાં આવી છે. આગામી રવિવાર થી ઉમેદવારોના નામની જાહેરાત કરી દેવામાં આવશે. ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા ચાલી રહી છે. જે આજે મોડી રાત્રે પૂર્ણ થઈ જશે.

ટોચના નેતાએ વધુમાં કહ્યુ હતુ કે ટુંક સમયમાં પાર્લામેન્ટરી બોર્ડ ની તારીખ જાહેર કરવામાં આવશે. ત્યારબાદ જેમાં એકબાદ એક જિલ્લા અને મહાનગરોના વારા લેવામાં આવશે, જ્ઞાતિ, જાતિના સમીકરણોને ધ્યાનમાં રાખી ટીકીટની ફાળવણી કરવામાં આવશે, આગામી મંગળવાર અથવા બુધવારે ભાજપ દ્વારા ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવશે.

ઉમેદવારી ફોર્મ ભરવાનો અંતિમ દિવસ ૧૧ એપ્રિલ છે. ભાજપ અંતિમ દિવસ સુધી રાહ જોવા ઈચ્છતુ નથી, ગુરૂવારે અથવા શુક્રવારે ભાજપના ઉમેદવારો ફોર્મ ભરશે. ભાજપ દ્વારા હજુ સુધી ટીકીટ ફાળવણી માટે કોઈ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી નથી. જેના કારણે ચુંટણી લડવા માટે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો દાવેદારી કરી રહ્યા છે. આજે શનિવારે ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા ચુંટણી માટે ભાજપના ઉમેદવાર હર્ષદભાઈ પરમાર ઉમેદવારી ફોર્મ ભરવાના છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ હાજરી આપવાના છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ભાજપ દ્વારા પાર્લામેન્ટરી બોર્ડ બેઠકની તારીખ અને સમય જાહેર કરવામાં આવશે. હવે ૩૪ જિલ્લા અને ૧૫ મહાનગરોના પ્રમુખોને ગમે ત્યારે પ્રદેશ હાઈકમાન્ડ નુ તેડુ આવી શકે છે.

### કહ્યું- ભાઈએ મર્ડર કરી દીધું છે, હવે જેલ જઈ રહ્યો છું

# દિલ્હીમાં હત્યા બાદ આરોપીએ ઈન્સ્ટા પર રીલ બનાવી દીધી

### પોલીસે મૃતકની ઓળખ ૧૯ વર્ષીય નિક્કુ તરીકે કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં સામાન્ય બોલાચાલી બાદ યુવકની જાહેરમાં ચપ્પુના ઘા ઝીંકીને હત્યા કરવાનો એક સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. આ ઘટના દિલ્હીના શાલીમાર બાગ પોલીસ સ્ટેશન વિસ્તારની હોવાનું કહેવાય છે. પોલીસે મૃતકની ઓળખ ૧૯ વર્ષીય નિક્કુ તરીકે કરી છે. નવાઈની વાત એ છે કે આ હત્યાને અંજામ આપ્યા બાદ એક આરોપીએ આ મર્ડરની જાણકારી ઈન્સ્ટાગ્રામ પર એક રીલ અપલોડ કરીને પણ આપી છે. મળતી માહિતી મુજબ, આ રીલમાં તે બોલી રહ્યો છે કે, "તમારા ભાઈએ એક મર્ડર કરી દીધું છે. તમારો ભાઈ હવે થોડા દિવસોમાં અંદર (જેલમાં) જઈ રહ્યો છે. હું મારા ભાઈઓ માટે તો કંઈ પણ કરી શકું છું. હવે હું તિહાર જેલ જઈ રહ્યો છું." ઈન્સ્ટાગ્રામ પર રીલ મૂકનાર આરોપીની ઓળખ તરુણ ઉર્ફે કર્ણ તરીકે થઈ છે, જેની ઉંમર ૧૮ વર્ષ હોવાનું કહેવાય છે. આ મામલે પોલીસે કેટલાક આરોપીઓની અટકાયત કરી છે, જેમની અત્યારે પૂછપરછ ચાલી રહી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, આ ઘટનામાં અંદાજે અડધો ડઝન આરોપીઓ સામેલ હતા, જેઓ ઘટના બાદથી જ ફરાર છે. જોકે, હાલ પોલીસે કેટલાક લોકોની અટકાયત ચોક્કસપણે કરી છે. પોલીસે મૃતકના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવીને પરિવારજનોને સોંપી દીધો છે. તમને જણાવી દઈએ કે, દિલ્હીમાં જાહેરમાં હત્યાનો આ કોઈ પહેલો કિસ્સો નથી. થોડા મહિના પહેલા પણ કનોટ પ્લેસમાં મોડી રાત્રે પાર્ટીમાં ગયેલા ૩૬ વર્ષીય વેપારી શિવમ ગુપ્તાની કેટલાક લોકોએ માર મારીને હત્યા કરી દીધી હતી. તપાસમાં બહાર આવ્યું હતું કે, ડિલિવરી બોય તરીકે કામ કરતા કેટલાક યુવકોએ નજીવી બોલાચાલી બાદ શિવમના માથા પર હેલ્મેટથી નિર્દયતાપૂર્વક હુમલો કર્યો હતો, જેનાથી તે ગંભીર રીતે ઘાયલ થયો હતો.

**પશ્ચિમ રેલ્વે - રતલામ વિભાગ**

EL-2025-26-44R, 51, 52 & 53 તારીખ: 01.04.2026

**ઈ-ટેન્ડરિંગ સૂચના**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના તરફથી ડિવિઝનલ રેલ્વે મેનેજર (ઇલેક્ટ્રિકલ/પાવર) રતલામ વેબસાઇટ www.ireps.gov.in પર ઇ-ટેન્ડર દ્વારા *ખુલ્લા ટેન્ડર* મંગાવી રહ્યા છે. વિગતો નીચે મુજબ છે: - ક્રમાંક: 1. ઇ-ટેન્ડર નંબર: EL-2025-26-44R. કામનું નામ: રતલામ વિભાગ - (1) ઉજ્જૈન સાથે સંબંધિત ઇલેક્ટ્રિકલ કાર્ય - ઉજ્જૈન સ્ટેશનની PF નં.1 (DN મુખ્ય), PF નં.3/4 (લૂપ), PF નં.5 (લૂપ) અને PF નં.6 (લૂપ) લાઇન પર બેલાસ્ટ લેસ ટ્રેકની જોગવાઈ. (2) ચિત્તૌરગઢ - PF લાઇન નં. 2 (DN ML), PF લાઇન નં. 4 (કોમન લૂપ લાઇન) અને PF નં. 5 (UP લૂપ લાઇન) પર બેલાસ્ટ લેસ ટ્રેકની જોગવાઈ. (3) રતલામ ખાતે પીએફ નં.4 (કોમન લૂપ લાઇન), PF No.5 (કોમન લૂપ લાઇન) અને PF No. 6(કોમન લૂપ લાઇન) પર બેલાસ્ટ લેસ ટ્રેકની જોગવાઈ. અંદાજિત કિંમત: 1,35,72,524.26. EMD: ₹ 2,71,500/-. પૂર્ણતા સમયગાળો: 12 મહિના. ક્રમાંક: 2. ઇ-ટેન્ડર નંબર: EL-2025-26-51. કાર્યનું નામ: રતલામ ડિવિઝનના IND અને DADN કોચિંગ ડેપોના એસી કોચ (પરંપરાગત અને LHB) પર ફીટ કરાયેલા RMPU માટે બે વર્ષના સમયગાળા માટે વાર્ષિક જાળવણી કરાર. અંદાજિત કિંમત: ₹ 8,81,81,233.89. EMD : ₹ 17,63,600/-. પૂર્ણતા સમયગાળો: 24 મહિના. ક્રમ ક્રમાંક: 3. ઇ-ટેન્ડર ક્રમાંક: EL-2025-26- 52. કાર્યનું નામ: રતલામ વિભાગ - ચિંતામન ગણેશ સ્ટેશન પર PF 01 અને PF 02 પર કવર શેડની જોગવાઈના સંદર્ભમાં ચિંતામન ગણેશ ઇલેક્ટ્રિકલ કાર્ય (સિંહસ્થ 2028). અંદાજિત કિંમત: ₹ 46,99,334.24. EMD: 94,000/-. પૂર્ણતા સમયગાળો: 12 મહિના. ક્રમ ક્રમાંક: 4. ઇ-ટેન્ડર ક્રમાંક: EL-2025-26-53. કાર્યનું નામ: રતલામ વિભાગ વિવિધ સ્ટેશનો/સ્થાનો PH-53 પર મુસાફરોની સુવિધાઓ હેઠળ એર કંડિશનર અને વોટર કૂલર બદલવાની જોગવાઈના સંદર્ભમાં ઇલેક્ટ્રિકલ કાર્ય. અંદાજિત કિંમત: ₹ 66,91,811.98. EMD: 1,33,800/-. પૂર્ણતા સમયગાળો: 06 મહિના. ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે વેબસાઇટ અપલોડ કરવાની તારીખ: 31.03.2026. ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ટેન્ડર ખોલવાની તારીખ: 28.04.2026. વિગતવાર ટેન્ડર સૂચના, પાત્રતા માપદંડો અને નિયમો અને શરતો વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત શૂન્ય છે.

SPAN/7/1/529

અમને લાઇક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: X.com/WesternRly

## હવે યુદ્ધ જીત્યાની જાહેરાત કરી સંઘર્ષનો અંત લાવો: ઈરાનના પૂર્વ વિદેશ મંત્રીએ આપી 'ફોર્મુલા'

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહારન

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ સૈન્ય સંઘર્ષ વચ્ચે ઈરાનના પૂર્વ વિદેશ મંત્રી અને પરમાણુ કરાર (JCPOA)ના મુખ્ય સૂત્રધાર રહી ચૂકેલા મોહમ્મદ જવાદ ઝરીફે ઈરાનને એક મહત્ત્વની સલાહ આપી છે. અમેરિકન મેગેઝિન ફોરેન અફેર્સમાં પ્રકાશિત એક લેખમાં ઝરીફે તર્ક આપ્યો છે કે, ઈરાને હવે જીતની જાહેરાત કરવી જોઈએ અને એક એવા કરાર તરફ આગળ વધવું જોઈએ જે આ યુદ્ધને સમાપ્ત કરે અને ભવિષ્યના સંઘર્ષોને પણ અટકાવે.

ઝરીફે સૂચન કર્યું છે કે ઈરાને પોતાના પરમાણુ કાર્યક્રમ પર મર્યાદાઓ લગાવી દેવી જોઈએ અને વિશ્વના સૌથી મહત્ત્વના ક્રૂડ ઓઈલ જળ માર્ગ સ્ટ્રેટ ઑફ હોર્મુઝને ફરીથી ખોલવાનો પ્રસ્તાવ મૂકવો જોઈએ. તેના બદલામાં ઈરાને પોતાના પર લાગેલા તમામ આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને સંપૂર્ણપણે નાબૂદ કરવાની માંગ કરવી જોઈએ. ઝરીફનું માનવું છે કે અમેરિકાએ ભલે પહેલા આ સોદો ન સ્વીકાર્યો હોય, પરંતુ વર્તમાન યુદ્ધની ભયાનકતાને જોતાં હવે તે તેને સ્વીકારી શકે છે.

નોંધનીય છે કે, જવાદ ઝરીફને આંતરરાષ્ટ્રીય વ્યૂહનીતિના નિષ્ણાત માનવામાં આવે છે. આ યુદ્ધ અટકાવવા તેમણે ઈરાન માટે એક વિગતવાર રૂપરેખા તૈયાર કરી છે.

ઝરીફે અમેરિકા અને ઈરાન વચ્ચે પરસ્પર અનાક્રમણ કરારનો પ્રસ્તાવ મૂક્યો છે. આ અંતર્ગત બંને દેશો ભવિષ્યમાં એકબીજા પર હુમલો ન કરવાની ઔપચારિક પ્રતિજ્ઞા લેશે. તેમણે ઈરાનને સૂચન કર્યું છે કે, અમેરિકા સાથે આર્થિક સંવાદ અને વેપારના દ્વાર ખોલવા જોઈએ. આ માત્ર બંને દેશોના લોકો માટે ફાયદાકારક જ નહીં હોય, પરંતુ દાયકાઓ જૂના અવિશ્વાસને ઘટાડવામાં પણ મદદ કરશે. ઝરીફના જણાવ્યા અનુસાર, આ કરારોથી ઈરાનના નેતૃત્વને વિદેશી દુશ્મનોથી બચાવવાને બદલે પોતાના નાગરિકોના જીવનધોરણને સુધારવા અને દેશના ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની તક મળશે.

ઝરીફનો આ લેખ એવા સમયે આવ્યો છે, જ્યારે ઈરાન ચારે બાજુથી સૈન્ય અને આર્થિક દબાણનો સામનો કરી રહ્યું છે. જીતની જાહેરાત કરવાનું તેમનું સૂચન વાસ્તવમાં એક રાજદ્વારી વ્યૂહરચના છે, જેથી ઈરાન પોતાનું સન્માન ગુમાવ્યા વિના યુદ્ધમાંથી સન્માનજનક રીતે વિદાય લઈ શકે. તેમનું માનવું છે કે ઈરાને પોતાની પ્રતિકાર ક્ષમતા બતાવીને પોતાનું લક્ષ્ય હાંસલ કરી લીધું છે અને હવે શાંતિ વાટાઘાટોના ટેબલ પર બેસવાનો યોગ્ય સમય છે.

જો ઝરીફનો આ પ્રસ્તાવ વાસ્તવિકતામાં બદલાય, તો તેના સૌથી મોટા લાભાર્થીઓમાં ભારત પણ સામેલ હશે.

# ઓનલાઈન પરથી છરી મંગાવી નેવી અધિકારીએ પ્રેમિકાની હત્યા કરી લાશના ટુકડા ફ્રીજમાં મુકી જાતે પોલીસ સ્ટેશનમાં હાજર થયો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

કાળા માથાનો માનવી દિવસેને દિવસે વિકૃત અને હત્યારો બની રહ્યો છે. જ્યાં ક્યારે શું બનશે? અને કોણ ક્યારે શું કરી નાંખશે? એ આ કળીયુગમાં કળવું મુશ્કેલ છે. અને આમ પણ કોના મનમાં શું ચાલી રહ્યું છે? એ કળવાની શક્તિ આપણાંમાં હોતી નથી.



ત્યારે એવો જ એક ધૃણાસ્પદ કિસ્સો આંધપ્રદેશના વિશાખાપટ્ટનમ માં બન્યો છે. જ્યાં ભારતીય નૌસેના ના **(INS Dega)** ૩૦ વર્ષીય અધિકારી ચિંતડા રવિન્દ્ર એ તેની ૩૧ વર્ષીય પ્રેમિકા પોલિપલ્લી મૌનિકાની નિર્મમ હત્યા કરી તેના શરીરના ટુકડા કરી ફ્રીજમાં છુપાવ્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે.

આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. ડેટિંગ એપ પર શરૂ થઈ હતી પ્રેમકથા પોલીસ તપાસ અનુસાર રવિન્દ્ર અને મૌનિકા વર્ષ ૨૦૨૧ માં **"Mingle"** નામની ડેટિંગ એપ ધ્વારા સંપર્ક આવ્યા હતા. બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો અને તેઓ વારંવાર મળતા હતા. જો કે વર્ષ ૨૦૨૪માં રવિન્દ્રએ અન્ય મહિલા સાથે લગ્ન કરી લીધા હતા. જે બાદ બંને વચ્ચે વિખવાદ શરૂ થયો હતો. રવિન્દ્ર નો આરોપ છે કે, મૌનિકાએ તેની પાસેથી ૩.૫ લાખ રૂપિયા લીધા હતા અને તે સતત તેમના સંબંધો વિશે તેની પત્નીને જણાવી દેવાની ધમકી આપી બ્લેકમેલ કરતી હતી.

આનાથી કંટાળેલા રવિન્દ્રએ પત્ની તેના પિયર ગઈ હતી ત્યારે આ તકનો લાભ ઉઠાવી બપોરે મૌનિકા ને પોતાના ઘરે બોલાવી હતી. સાંજ સુધીમાં બંને વચ્ચે ઉગ્ર ઝઘડો થયો અને આવેશમાં આવી રવિન્દ્રએ મૌનિકાનું ગળું દબાવી હત્યા કરી દીધી હતી. હત્યા બાદ પુરાવા નાશ કરવા માટે તેણે ઓનલાઈન પ્લેટફોર્મ પરથી છરી મંગાવી અને લાશના ટુકડા કરી નાંખ્યા. તેણે પગ અને થાપાનો ભાગ ટ્રોલી બેગમાં પેક કર્યો, ધડ નો ભાગ ફ્રીજમાં સંતાડયો, જયારે માથું અને હાથ અન્ય સ્થળે લઈ જઈને સળગાવી દીધા હોવાનું મનાય છે.

આ ભયાનક કૃત્ય કર્યા બાદ રવિન્દ્રએ પોતે જ પોલીસ સ્ટેશન જઈને ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચીને ફ્રીજ અને ઘરમાંથી લાશના ટુકડા કબજે કર્યા છે. જોકે મૌનિકાનું માથું હજુ મળી આવ્યું નથી.

પોલીસે હત્યાનો ગુનો નોંધી ગુમ થયેલા શરીરના અંગોની શોધખોળ માટે સ્પેશિયલ ટીમ બનાવી છે. આ કેસ ફરી એકવાર આફતાબ પૂનાવાલા ધ્વારા કરવામાં આવેલી. શ્રધ્ધા વાલકરની હત્યાની યાદ અપાવે છે. જે દિલ્હીમાં ખૂબ જ ચકચાર મય બન્યો હતો.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ધારાસભ્ય રમણલાલ વોરા મતવિસ્તારના કામો માટે લાખો-કરોડો રૂપીયાનો ધોધ વહાવ્યો

## ઈડર તાલુકાના ૨૦ નવા રોડ રસ્તાના કામો માટે ૩ કરોડથી વધુની રકમ ફાળવવામાં આવી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલએ સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ૨૦ જેટલા રોડ રસ્તાના કામો માટે ૩ કરોડથી વધુની રકમ ફાળવવામાં આવતા આગામી સમયમાં તાલુકાના મોટા ભાગના રોડ રસ્તાઓ ખાડા મુકત ની સાથે વાહન ચાલકો માટે આશીર્વાદરૂપ બનશે.



આ રકમ જિલ્લામાં સૌથી વધુ ફાળવવામાં આવી હોવાનુ જાણવા મળ્યુ છે. જે ઈડર ધારાસભ્ય રમણલાલ વોરાની મહેનત કામે લાગી હોય તેવુ જણાઈ રહ્યુ છે. આ રોડ રસ્તાઓમાં (૧) ભિલોડા, મઉ, જુમસર, મુનાઈ, ચિત્રોડા અને પોશીના સુધીનો રોડ (૨) એસ એચ ટુ ઈસરવાડા રોડ (૩) ચાંડપ વાલાપુરા રોડ (૪) ચાંડપ નવા વાસ રોડ (૫) દેત્રોલીથી ભુતિયા રોડ (૬) સાપાવાડા એપ્રોચ જોઈનીંગ ટુ સુર રોડ (૭) મોહનપુરા દિયોલી રોડ (૮) પાનોલ નંદાનગર રોડ (૯) કર્ણનાથ મહાદેવ રોડ (૧૦) લીંભોઈ કાકલેશ્વર રોડ (૧૧) ઈડર રતનપુર રોડ ટુ વલાસણા એસ એચ જોઈનીંગ રોડ (૧૨) ઈડર વલાસણા હાઈવે ટુ ઉમા સીટી વાયા સુરપુર બરવાઉ રોડ (૧૩) દાંત્રોલી હિંમતપુર રોડ (૧૪) રૂદરડી થી નાના કોટડા રોડ (૧૫) રૂદરડી થી આનંદપુરા રોડ (૧૬) કબોયા (સાંતોલ) એપ્રોચ રોડ (૧૭) સાંતોલ ધર્મનગર રોડ (૧૮) માઢવા એપ્રોચ રોડ (૧૯) માથાસુર પાનોલ રોડ (૨૦) રતનપુર મસાલ મહુડી રોડ.

# બગદાણા વિવાદ થી ચર્ચામાં આવેલા નવનીત બાલધીયા કોંગ્રેસમાં જોડાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બગદાણા વિવાદનુ કેન્દ્ર રહેલા નવનીત બાલધીયા ફરી ચર્ચામાં આવ્યા છે. નવનીત બાલધીયા રાજકીય સફર શરૂ કરી કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો છે. અમિત ચાવડાએ ખેસ પહેરાવી કોંગ્રેસમાં તેમનો પ્રવેશ કરાવ્યો છે. ઉલ્લેખનીય છે કે હજુ થોડા સમય અગાઉ જ નવનીત બાલધીયા પર જીવલેણ હુમલો થયો હતો. જેમાં લોક સાહિત્યકાર માયા આહીરના દિકરા જયરાજ પર હુમલો કરાયાનો આરોપ લાગ્યો હતો. આ પ્રકરણમાં સરકારે સીટ ની રચના કરી હતી. સીટ ની રચના બાદ માયાભાઈ આહીરના દિકરાની ધરપકડ થઈ હતી,




ચાલુ મહિનાની શરૂઆતમાં બગદાણા ધામના સેવક નવનીત બાલધીયા પર હુમલાની ઘટના બની હતી, આ ઘટનાને સમગ્ર કોળી સમાજે વખોડી હતી. ત્યારબાદ રાજયભરમાં કોળી સમાજના આગેવાનો અને લોકો ન્યાય માટે રોડ રસ્તા પર ઉતર્યા હતા. આ મુદ્દે સંમેલન પણ યોજાયા હતા. છેક ગાંધીનગર સુધી કોળી સમાજ પહોચ્યો હતો. નવનીત બાલધીયા ને ન્યાય અપાવવા માટે કોળી સમાજની એકતા જોવા મળી હતી. કોંગ્રેસમાં જોડાનાર નવનીત બાલધીયાએ કોંગ્રેસમાં જોડાતા જ નવનીતે ચુંટણી લડવાની ઈચ્છા વ્યકત કરી હતી. નવનીતે કહ્યુ હતુ કે નેતૃત્વ કહેશે તો હું ચુંટણી પણ લડીશ, ભાજપના ત્રાસ થી અનેક અત્યાચાર થયા છે, ભાજપના ત્રાસથી હું આજે કોંગ્રેસ સાથે જોડાયુ છું. મારા કેસ માં જે ડીવાયએસપી હતા તેમને અન્ય જગ્યાનો ચાર્જ આપ્યો છે. આ સાથે જ ન્યાય ન મળ્યો હોવાનો પણ નવનીત બાલધીયાએ દાવો કર્યો હતો, ત્યારે હવે નવનીત બાલધીયાને સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં કોંગ્રેસ ઉતારે તો નવાઈ નહી.

# ઢોંગી અશોક ખેરાત ઉર્ફે કેપ્ટન બાબાની સોશિયલ મીડિયા ઉપર એપસ્ટીન ટાઈપની ફાઈલો, વિડીયોમાં દેખાય છે કાળા કરતૂતો??

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

મહારાષ્ટ્રના નાસિકનો ભોન્દુબાબા ઉર્ફે અશોક ખેરાત આજકાલ મહારાષ્ટ્રમાં નરપિશાચ, અઘોરી, લિંગપ્રતાપી, બળાત્કારી, રાક્ષસ, દલાલ જેવા વિશેષણથી નવાજાઈ રહ્યો છે. પરંતુ એનાથી વધુ એ ભોન્દુ અર્થાત ઢોંગી, ફરેબીબાબા તરીકે ઓળખાતો થયો છે.

આ ઢોંગી બાબાની વિગતો જેમ જેમ બહાર આવતી જાય છે તેમ તેમ મહારાષ્ટ્રના રાજકારણમાં અને સમાજમાં ધરતીકંપ સમાન આંચકા આવતા જાય છે. આ ઢોંગી બાબા એ જ્યોતિષ, પૂજા, સમસ્યાઓના નિવારણ કરવા તેમજ દોરા-ધાગાના ધતિંગો હેઠળ અને કહેવવાતી ખાનગી પુજાવિધિના નામે આ ભોન્દુએ સ્ત્રીઓના કપડાં ઉતરાવી લીધા હતા. અમુક સાથે પરાણે શરીર સંબંધો બાંધ્યા હતા.

સીસીટીવીમાં કેદ થયેલી એ ઘડીઓની વિડીયો વડે ગુરુઘંટાલ ઢોંગીબાબા ઉર્ફે અશોક ખેરાત સ્ત્રીઓને અમુક પ્રવૃત્તિઓમા જોડવાની કે પોતાની સાથે સુવાની ફરજ પાડતો. અનેક લોકોના અનેક કામ પૈસા લઈને પતાવી આપતો હતો. અશોક ખેરાતે એવી જાળ રચી હતી. જેમાં રાજકારણીઓના પરિવારો,ઉચ્ચ અધિકારીઓના પરિવારો અને ઉદ્યોગપતિઓના પરિવારો એમના આશ્રમની મુલાકાતે આવતા રહે તેથી સમાજમાં વધુ વાત ફેલાય કે બાબા ખૂબ જ વગદાર છે.

યાદ રહે કે હાલના ઉપમુ.મંત્રી એકનાથ શિંદે અગાઉ મુખ્યમંત્રી બન્યા તેના થોડા દિવસોમાં જ હેલિકોપ્ટરમાં સહકુટુંબ સવાર થઈને નાસિક નજીકના આ ભોન્દુ ઉર્ફે ઢોંગીના આશ્રમમાં પહોંચી ગયા હતા. અને બાબાની સામે જમીન પર બેસીને સહકુટુંબે પૂજા અર્ચના કરી હતી. એની એ સમયની તસવીર ખૂબ વાયરલ થઈ પણ સોશિયલ મીડિયામાંથી હવે ગાયબ થઈ ગઈ છે. આમ જેમને ત્યાં મુખ્યમંત્રી સામે ચાલીને જતાં હોય એવા માણસના પ્રભાવમાં સમગ્ર વહીવટી તંત્ર અને પોલીસ તંત્રના અધિકારીઓ, કર્મચારીઓની સાથે સાથે સામાન્ય જનતા અને ભોળી મહિલાઓ આવ્યા વગર રહે ખરા? અને આજ કારણસર એમ કહેવાય છે કે સો ઉપરાંત મહિલાઓનું આ બાબા એ શારીરિક અને આર્થિક શોષણ કર્યું છે.

આમ અશોક ખેરાત જેવા ઢોંગી બાબાએ સેકસ, સત્તા, વગ, જાદુ-ટોણાં વગેરે વાપરીને પૈસો અને સંપત્તિ બનાવામાં લાલચી બાબાએ કશું પાછું વળીને જોયું નહીં. બાબા હોય એટલે કોઈ સમસ્યા એમના ઉકેલની બહાર હોય જ નહીં. લગ્ન, લગ્નજીવનમાં કલેશ,સંતાન પ્રાપ્તિ, મિલકતોના ઝઘડા, આરોગ્ય, નોકરી-ધંધા વિગેરેની સમસ્યાઓ લઈને સ્ત્રીઓ વધુ આવે. ઘણી વખત એમની સાથે ભાઈ, પતિ, બહેન કે માતા-પિતા હોય. તેઓને બહાર ખંડમાં બેસાડી દુ:ખગ્રસ્ત મહિલાને આ ઢોંગી ઉર્ફે કેપ્ટન બાબા ખંડની સાથે જોડાયેલા બીજા ખંડમાં લઈ જઈ વિધિ વિધાન ના નામે સેકસલીલા રમી વિડીયો ઊતારતો હતો. વળી સમાગમ કરશો તો જ તમારી તકલીફોનું નિરાકરણ થશે. એ બધી કામલીલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ જાય. પછી તેનો ડર બતાવીને સ્ત્રીને ચૂપ રહેવાની સૂચના આપી દેવાતી. અને જો રાજકારણીઓ, ઉચ્ચ અધિકારીઓ, ઉધોગપતિઓની પત્નીઓ અને બહેન-દીકરીઓ પાસેથી લાખો રૂપિયાની રકમ લેવામાં આવતી.

આવા આ કામી બાબાના આશરે ત્રણસોથી વધુ વિડીયો મહારાષ્ટ્ર અને નાસિક જિલ્લામાં ફરી રહયા છે. ત્યારે મહારાષ્ટ્ર સરકારે તેને વોટ્સએપ કે અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર શેઅર કરવા પર પ્રતિબંધ જાહેર કર્યો છે. એ વિડીયોમાં જે મજબૂર સ્ત્રીઓ ફસાઈ હોય એમની ગુપ્તતા, ગરિમા અને સન્માન જળવાઈ રહે. સમાજમાં તેઓનો તિરસ્કાર ન થાય એ હેતુથી સરકારે આ પગલું ભર્યું છે. અને એમાં રાજનેતાઓનું પણ ભલું છે. જો કોઈ રાજનેતા ફસાયો હશે તો તે ઢંકાય જશે. આને કારણે મહારાષ્ટ્ર પોલીસે વિડીયો શેઅર કરવા બદલ લગભગ દોઢસો થી બસ્સો લોકો પર કેસ દાખલ કર્યા છે.

આમ જોવા જઈએતો બાબા ના ગુનાઓની ગંભીરતા ઘણી છે. અને પોલીસ તેમજ એસ.આઈટી ની તપાસમાં જો તે બહાર આવશે તો કડકમા કડક સજા પણ થઈ શકે છે. આ બાબા મીડિયાના અંદાજ રિપોર્ટ મુજબ કરોડોની સંપત્તિનો માલિક છે.

આ ઢોંગીઓ દિવસે સાધુઓના વસ્ત્રો ધારણ કરી ટીલા, ટપકાં, ગળામાં માળા ધારણ કરી, અને રાત્રે શેતાન જેવી પ્રવૃત્તિઓ બીયર બાર, દારૂ, ચિકન પાર્ટી જેવા કુકર્મો કરી પ્રજાની આંખમાં ધૂળ નાંખતા આવા ઢોંગીઓ પાસે લોકો પણ તાવીજ, લીંબુ, મરચાં, મંત્ર, તંત્ર, વિધિ, અનુષ્ઠાન વિગેરે કરાવી પોતાની જાતને ભાગ્યશાળી સમજે છે.


ત્યારે આ બાબતે પ્રજાના હિતમાં કામ કરતી સામાજિક સેવા સંસ્થા વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્ર ધ્વારા મહારાષ્ટ્ર સરકાર સહિત કેન્દ્ર સરકારોને જાહેર વિનંતી કરતાં જણાવે છે કે આવા ઢોંગી બાબાઓ જે જે રાજયોમાં હોય એમનો પર્દાફાશ કરી એમને ખુલ્લા પાડે અને વિદેશોની માફક કડક સજા કરવા મજબૂત **FIR** બનાવી એમને ફાંસીના માંચડે ચડાવવા સુધીની સરકાર લડત ચલાવે અને ભાગવા જાય તો એક્રાઉન્ટર કરતાં પણ સરકાર ખચકાવું જોઈએ નહીં. જો સરકાર ધ્વારા સોશિયલ મીડિયા ઉપર મહિલાઓના અશ્લીલ દર્શાવાતા વિડીયો દૂર નહીં કરે તો તેમના પરિવાર અને સમાજ મા નીચું જોવાનો વારો આવે છે તો આવા અશ્લીલ વિડીયો સરકાર ધ્વારા દૂર કરવામાં નહીં આવે તો પ્રજાના હિતમાં કામ કરતી સામાજિક સેવા કરતી સંસ્થા વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્ર ના દક્ષિણ ગુજરાતના પ્રમુખ છગનલાલ ડી. મેવાડા ધ્વારા સુપ્રીમ કોર્ટમાં **PIL** પણ દાખલ કરાશે.

અંતમાં અખબારો, **T.V** માં આવતી મંત્ર, તંત્ર, દોરા ધાગાની જાહેરાતો પર પ્રતિબંધ મૂકી પ્રજાને અંધશ્રધ્ધામાં હોમાતી બચાવવાનું કામ આખરે તો સરકારો નું જ છે.

# સાબરકાંઠા જિલ્લાના વડાલીની સગીરાનુ અપહરણ અને દુષ્કર્મનો કિસ્સો : આરોપી નરાધમ સુરત થી ઝડપાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના વડાલી પંથકની સગીર દિકરીઓ સાથે બનતી ગુન્હાહીત ઘટનાઓએ વાલીઓમાં ફફડાટ ફેલાવી દીધો છે. પ્રેમ અને લગ્નની લાલચ આપીને સગીરાને ફસાવવાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. જે સમાજ માટે લાલબત્તી સમાન છે.




તાજેતરમાં વડાલી તાલુકા વિસ્તારની એક ૧૬ વર્ષીય સગીરાનુ અપહરણ કરીને તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યુ હોવાની ચોકાવનારી ઘટના બનવા પામી છે. આ ગંભીર ગુન્હાના પગલે પોલીસ તંત્ર હરકતમાં આવ્યુ છે અને આરોપીને સુરતથી ઝડપી લેવામાં આવ્યો છે. વડાલી વિસ્તારની ૧૬ વર્ષીય સગીરાનો અજય નામના શખ્સે સંપર્ક સાધ્યો હતો. આરોપીએ સગીરાને લગ્નની લાલચ આપી અને વિશ્વાસમાં લઈને તેનુ અપહરણ કરી લીધુ હતું. સગીરાના પરીવારજનો જયારે દિકરી ઘરે ન આવતા શોધખોળ શરૂ કરી હતી. ત્યારે તેણીનુ અપહરણ થયાનુ બહાર આવ્યુ હતું. આ અંગે પરીવારે તાત્કાલીક વડાલી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ હતુ કે આરોપી અજય સગીરાને લઈને ફરાર થઈ ગયો હતો અને સુરત પહોચ્યો હતો.

સુરતમાં આરોપીએ સગીરાને બંદી બનાવી તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. વડાલી પોલીસે ટેકનીકલ સર્વેલન્સ અને ગુપ્ત બાતમીદારોની મદદ થી આરોપીનુ લોકેશન ટ્રેસ કર્યુ હતું. પોલીસે બાતમીના આધારે સુરત ખાતે છાપો મારી નરાધમ અજયને ઝડપી લીધો હતો અને સગીરાને તેની ચુંગાલમાંથી બચાવી લીધી હતી. વડાલી પોલીસે આરોપી અજય વિરૂધ્ધ પોકસો એકટ, દુષ્કર્મ સહિતની ગંભીર કલમો હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાનુ વિવાદાસ્પદ નિવેદન : જેને જય શ્રી રામ બોલવામાં તકલીફ પડશે તેનુ શ્રી રામ કરી નાંખીશુ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પડઘમ વાગી ચુકયા છે. ત્યારે વડોદરાના ડભોઈ બેઠકના ભાજપના ધારાસભ્ય શૈલેષ મહેતાએ એક અત્યંત સ્ફોટક નિવેદન આપ્યુ છે. હનુમાન જયંતિ નિમિત્તે આયોજીત એક ભજન કાર્યક્રમમાં હાજરી આપતી વખતે તેમણે ચુંટણી અને ધર્મ ને સાંકળીને વિરોધીઓ પર આકરા પ્રહારો કર્યા હતા. શૈલેષ મહેતાએ જાહેર મંચ પરથી કહ્યુ હતુ કે જે ઉમેદવાર ને જય શ્રી રામ બોલવામાં તકલીફ હોય, તેનુ આપણે જય શ્રી રામ કરી નાંખીશુ, તેમણે વધુમાં કહ્યુ હતુ કે જે ઉમેદવારો જય શ્રી રામ બોલે છે અને આ વિચારધારા સાથે સંકળાયેલા છે. તેઓ જંગી મતે જીતે તેવા મારા આશીર્વાદ છે. હનુમાન જયંતિના પવિત્ર અવસરે ધારાસભ્યના આ નિવેદનથી રાજકીય આલમમાં ચર્ચાઓ તેજ બની છે. ચુંટણીની જાહેરાત થતા ની સાથે જ ધારાસભ્ય દ્વારા આ પ્રકારનુ નિવેદન આપવામાં આવતા આચારસંહિતા અને રાજકીય મર્યાદાઓ અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે. શૈલેષ મહેતા અગાઉ પણ પોતાના વલણ અને ભાષણોને કારણે વિવાદોમાં રહી ચુકયા છે. હાલમાં આ નિવેદનનો વિડીયો સોશીયલ મીડીયા પર ખુબ જ શેર થઈ રહ્યો છે.



# ભાજપ ૫ હજાર બંગાળી મતદાર શ્રમિકોને ૪ ખાસ ટ્રેનો દ્વારા પશ્ચિમ બંગાળ લઈ જશે

પ્રતિનિધિ,ગાંધીનગર

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીને હરાવવા માટે ભાજપે એડીચોટીનુ જોર લગાડયુ છે. ભાજપ ચુંટણી રણનીતીમાં માહેર છે. ત્યારે ભાજપે સુરત થી ૫ હજાર જેટલા બંગાળી શ્રમિકોને મતદાન માટે પશ્ચિમ બંગાળ લઈ જવા માટે ખાસ વ્યવસ્થા ઉભી કરી છે. સુરત થી ૪ જેટલી સ્પેશ્યલ ટ્રેનો માં બંગાળી શ્રમિકોને મફતમાં કોલકત્તા લઈ જવાશે.



બંગાળી કારીગરો ભાજપના પક્ષમાં મતદાન કરે તે માટે સુરત ભાજપ કાર્યાલય અને સુરત બંગાળી સમાજ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યુ છે. ભાજપ દ્વારા સુરત માં વસવાટ કરતા બંગાળી શ્રમિકોની યાદી તૈયાર કરી દેવામાં આવી છે. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચુંટણીમાં મમતા બેનર્જી ને હરાવવા માટે ભારતીય જનતા પાર્ટીએ વ્યુહરચના ઘડી કાઢી છે. સુરતમાં વસતા લાખો બંગાળી કારીગરો ભાજપના પક્ષમાં મતદાન કરે તે માટે સુરત ભાજપ કાર્યાલય અને સુરત બંગાળી સમાજ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યુ છે. આ અભિયાન અંતર્ગત કુલ ૪ સ્પેશ્યલ ટ્રેનો દ્વારા ૫ હજાર જેટલા મતદારોને વિનામુલ્યે પશ્ચિમ બંગાળ પહોચાડવામાં આવશે. સુરતમાં અંદાજે ૨.૫ લાખ થી વધુ બંગાળી લોકો ઉદ્યોગ-ધંધા સાથે સંકળાયેલા છે. બંગાળી લોકો મુખ્યત્વે ડાયમંડ, જવેલરી અને ટેક્ષટાઈલ માર્કેટમાં મજુરી અથવા કારીગરીનુ કામ કરે છે.

આ શ્રમિક વર્ગ મોટો વોટબેંક ધરાવે છે. ચુંટણીના સમયે રીઝર્વેશન ન મળવાને કારણે ઘણા લોકો વતન જઈ શકતા નથી, આ સમસ્યાને ધ્યાનમાં રાખીને ભાજપ દ્વારા આ શ્રમિકોને સીધા પશ્ચિમ બંગાળ મોકલવાની યોજના બનાવી દીધી છે. ભાજપને આશા છે કે સુરતથી જનારા આ હજારો મતદારો ત્યાં જઈને ભાજપના પક્ષમાં માહોલ બનાવશે, પશ્ચિમ બંગાળમાં બે તબકકે ચુંટણી યોજાવવાની છે. તેને ધ્યાનમાં રાખીને ટ્રેનનુ શીડયુલ નકકી કરવામાં આવ્યુ છે. સુરત બંગાળી સમાજના અગ્રણી વાસુદેવ અધિકારીએ જણાવ્યુ હતુ કે પશ્ચિમ બંગાળમાં પરીવર્તનની લહેર છે અને તેને સાકાર કરવા માટે આ કામગીરી ચાલી રહી છે. સુરત ભાજપ કાર્યાલય અને બંગાળી સમાજ દ્વારા ટ્રેન સુવિધા એકદમ ફ્રી ઓફ કોસ્ટ રાખવામાં આવી છે. મધ્યમ અને ગરીબ વર્ગના કારીગરો જેઓ મોંઘી ટીકીટ કે પ્લેનનો ખર્ચ ઉઠાવી શકતા નથી, તેમના માટે આ એક સુવર્ણ તક છે, ભાજપ આ માધ્યમ થી એ સાબિત કરવા માંગે છે કે તેઓ કાર્યકરો અને મતદારોની પડખે ઉભા છે. આ સુવિધાઓ લાભ માત્ર જે તે વિસ્તારના સાચા અને નોંધાયેલા મતદારોને જ મળે તે માટે સુરત બંગાળી સમાજ દ્વારા તપાસ કરવામાં આવી છે. વાસુદેવ અધિકારીના જણાવ્યા અનુસાર ફોર્મ ભરવાની પ્રક્રિયા દરમિયાન દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. જેમના વોટીંગ કાર્ડ અપડેટ ન હતા અથવા જેમના નામ મતદાર યાદીમાં ન હતા તેવા અંદાજે ૧૨૦૦ થી ૧૫૦૦ ફોર્મ ૨૬ એસઆઈઆરના કારણે કરવામાં આવ્યા છે.

સુરતમાં ૨.૫ લાખ બંગાળીઓ છે. પરંતુ ભાજપનુ માનવુ છે કે જો પરીવહન સુવિધા વધુ મોટી હોત તો તેઓ ૨ લાખ લોકોને પણ મોકલી શકયા હોત, આ ૫ હજાર મતદારો માત્ર આંકડો નથી, પણ એક મોટુ નેટવર્ક છે, આ લોકો જયારે પોતાના ગામ જશે ત્યારે તેમના પરીવારના સભ્યોને પણ ભાજપ તરફ વાળશે, ભાજપનો અંદાજ છે કે આ મુસાફરો દ્વારા તેઓ બંગાળમાં અંદાજે ૧૦ થી ૧૨ લાખ મતો પર સીધી કે આડકતરી અસર પાડી શકશે, ભાજપની આ વ્યુહરચના એ શ્રમિકોની વતન જવાની ઈચ્છા અને પક્ષની મત મેળવવાની જરૂરીયાત બંનેને એક સાથે સાંકળી લીધી છે. જે કારીગરો મોંઘી ટીકીટના કારણે જઈ શકતા ન હતા તેઓ હવે ફ્રી ટ્રેન ની સુવિધા મળતા ઉત્સાહમાં છે.

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈ વસ્તી ગણતરીનો કાર્યક્રમ કરાયો મોકુફ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ૨૦૨૬ ની વસ્તી ગણતરી ૫ એપ્રિલ થી શરૂ થવાની હતી, પરંતુ રાજયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીને ધ્યાનમાં રાખીને સરકારે આ કાર્યક્રમને હાલ માટે મોકુફ રાખી દીધો છે.



હાલ વસ્તી ગણતરી પાછી ઠેલવી હવે નવી તારીખ ટુંક સમયમાં જાહેર કરવામાં આવશે. નોંધનીય છે કે વસ્તી ગણતરીની કામગીરીને પંચાયત તેમજ મહાનગરપાલિકા મતદાન સાથે હોવાથી જનગણના વિભાગે સરકારને આ કામગીરી સ્થગિત કરવાની સુચના આપી હતી. સરકાર દ્વારા આ દરખાસ્તને મંજુરી આપવામાં આવી છે. અને હાલના સમયમાં ગુજરાતમાં વસ્તી ગણતરીની કોઈ કાર્યવાહી શરૂ થશે નહી. દેશભરમાં વસ્તી ગણતરીનો પહેલો તબકકો ૧ એપ્રિલ ૨૦૨૬ થી શરૂ થઈ ચુકયો છે અને તે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. પ્રથમ તબકકામાં હાઉસ લીસ્ટીંગ એટલે કે મકાન અને ઘરના માળખાની વિગતો એકત્રિત કરવામાં આવશે. બીજો તબકકો ફેબ્રુઆરી ૨૦૨૭ માં યોજાનાર છે. જેમાં લોકોની જાતિ સહિત વ્યકિતગત માહિતી એકત્ર કરવામાં આવશે.

આ ૨૦૨૬ ની ગણતરીની માં ભારતની સ્વતંત્રતા પછી પહેલીવાર જાતિ આધારીત માહિતી એકઠી કરવામાં આવશે. જે અગાઉ ૧૯૩૧ માં કરવામાં આવી હતી. વસ્તી ગણતરી દરમિયાન એક વ્યકિતથી કુલ ૩૩ સવાલો પુછવામાં આવે તેવી શકયતા છે. જેમાં ઘરની માળખાકીય માહિતી , શૈક્ષણિક અને વ્યવસાયીક પરીસ્થિતિ સહિતના વિવિધ મુદ્દાઓનો સમાવેશ થાય છે. સોશીયલ મીડીયા પર ચાલી રહેલી ચર્ચાને કારણે ગુજરાત સરકારે સમયે નિર્ણય લઈને નોટીફીકેશન બહાર પાડયુ છે. જેનાથી અનિષ્ટ આશ્ચર્ય અને ભ્રમ અટકાવવામાં આવ્યો.